Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg N. B 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्धुधानाम् ॥१॥

पु. १७. | वीर सं. २४४६ जेष्ठ. आत्म सं. २४ | अंक ११ मो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ શ્રી જિનેશ્વર સ્તુતિ. ... | ૨૭૧ | ૬ જૈન કોમમાં કેળવણી. ... | ૨૮૧ |
| ૨ આપણા વિચારોનાં પ્રતિબિંબ રૂપ જગત. ... ... | ૨૭૨ | ૭ આત્મા અને પરમાત્માનો સંબંધ. ... ... ... | ૨૮૩ |
| ૩ ગુરૂ પ્રદક્ષિણા કુલક. ... | ૨૭૭ | ૮ શ્રીમદ્ આનંદઘનજીના એક પદનો અનુવાદ. ... ... | ૨૮૯ |
| ૪ મુગા પશુ ઉપયોગી જાનવરો પ્રત્યે અનુકંપા અથવા દયા દાખવવાની આપણી ફરજ. ... | ૨૭૮ | ૯ પવિત્ર ભાવના આત્મધર્મનો યાને મનુષ્ય જીવનનો ઉદય શી રીતે કરે છે? ... ... | ૨૮૯ |
| ૫ આરોગ્ય સાચવવા અવશ્ય રાખવા યોગ્ય નિયમો અને થતા ફાયદા. ... ... ... | ૨૭૯ | ૧૦ વર્તમાન સમાચાર. ... | ૨૯૪ |

વાર્ષિક મુલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સતરમા વર્ષની અપૂર્વ ભેટ.

# " શ્રી દેવભકિતમાળા પ્રકરણ. "

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આ વર્ષે ઉપરોક્ત ભેટની બુક આપવા માટે મુકરર થયું છે દર વર્ષ કરતાં આ વર્ષે ત્રણ ગણી મોટી એટલે શુમારે પચીશથી સતાવીશ ફોર્મનો મોટો ગ્રંથ કે જેના યોજક પ્રાતઃસ્મરણીય શ્રીમાન મૂળચંદજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રીમદ્ કમળવિજયજી મહારાજના શિષ્ય પન્યાસજી શ્રીમદ્ દેવવિજયજી મહારાજ છે. તેઓશ્રીએ આખો ગ્રંથ ઘણોજ શ્રમ લઇ ઉપકાર બુદ્ધિથી બનાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. સદરહુ ગ્રંથમાં પાંચ પ્રકરણ આપવામાં આવ્યા છે. ૧ દેવભકિત અને પ્રતિમાસિદ્ધ, ૨ આજ્ઞાભકત, ૩ દેવદ્રવ્ય સંરક્ષણ ભકિત, ૪ મહોત્સવ રૂપ ભકિત, અને ૫ તીર્થયાત્રા ભકિત આ પાંચ પ્રકારની ભકિતનું સ્વરૂપ સાદી અને સરલ ભાષામાં શાસ્ત્રોક્ત અનેક આધારો સહીત ટુંકામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે કે જે અજ્ઞ જીવોને પ્રભુ ભકિત માટે ખાસ ઉપયોગી છે ધર્મના કોઇ પણ વિષયોનું સ્પષ્ટ સ્વરૂપ આવી રીતે લખી પ્રસિદ્ધ કરવાથી આ કાળ માટે સમાજ માટે તે બહુજ આવશ્યક છે, આ દેવભકિતમાળા ગ્રંથ પઠન પાઠન કરવા યોગ્ય છે કે જેથી તે પ્રભુભકિત માટે એક ઉત્તમ સાધન બને છે, એટલુંજ નહીં પરંતુ શ્રદ્ધા સહિત અને જાણપણાથી થતી તે દેવભકિત મોક્ષમાં જવાને માટે એક નાવ રૂપ છે.

કાગળો વિગેરે, છાપવાના તમામ સાહિત્યની હદ ઉપરાંત મોંઘવારી છતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમોએજ રાખ્યો છે. તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બ્હાર હશેજ નહિ. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાઇ સુશોભિત બાઇન્ડીંગ સાથે પ્રસિદ્ધ થશે.

દીન પ્રતિદીન આવીરીતે મોંઘવારી વધતી જતી હોવા છતાં અમારા સુજ્ઞ ગ્રાહકોને ઉદારતાથી અત્યાર સુધી કાંઇ પણ લવાજમ માસિકનું ન વધાર્યા છતાં ( જો કે દરેક માસિકો પોતાના લવાજમમાં વધારો કર્યો છે છતાં ) તેજ લવાજમથી આ માસિક અને દશ ફોરમને બદલે વીશ પચીશ કે તેથી વધારે ફોરમની બુકો ભેટ આપવામાં આવી છે, પરંતુ અસાધારણ મોંઘવારી હજી પણ વધતી જતી હોવાથી આ માસિક માટે ( જ્ઞાન ખાતાને વધારે નુકસાન ન થવા દેવાની ખાતર તેમજ તેના ખર્ચને કોઇ રીતે પહોંચી શકીયે તેમ નહીં હોવાથી) આવતા વર્ષથી ( પુ૦ ૧૮ માંથી ) શ્રાવણ માસથી આ માસિકનું લવાજમ સભા સામાન્ય રીતે જે વધારે લેવું ઠરાવે તે લવાજમથી અમારા કદરદાન ગ્રાહકોને મોકલવામાં આવશે. અને સાથે વાંચન પણ વધારે પ્રમાણમાં આપવામાં આવશે, જેથી અમારા માનવંતા ગ્રાહકો મોંઘવારી થતાં સુધી (અમો પ્રથમ મુજબ ખર્ચને પહોંચી શકીયે ત્યાં સુધી) આ માસિકના ગ્રાહક તરીકે કાયમ રહી તે સ્વીકારશે અને આ પ્રમાણે આ જ્ઞાનખાતાના કાર્યમાં ઉત્તેજન આપી સહાયક બનશે.

બાર માસ થયાં ગ્રાહકો થઇ તેમાં આવતા વિવિધ લેખોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી લેશેજ એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે, છતાં અત્યારસુધી ગ્રાહકો રહ્યા છતાં **ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે, બીજાં બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું; જેથી નાહક વી. પી. નો નકામો ખર્ચ સભાને કરવો ન પડે તેમજ પોસ્ટખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહિ, તેટલી સૂચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

**આવતા અશાડ માસની પૂર્ણીમાના રોજથી આ માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના પૈસાનું વી. પી. કરી દર વરસ મુજબ વી. પી. કરવામાં આવશે, જેથી તે પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન નહિ કરતાં દરેક ગ્રાહકને સ્વીકારી લેવા વિનંતિ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १७ ] वीर संवत् २४४१, जेष्ट. आत्म संवत् २४. [ अंक ११ मो.

## श्री जिनेश्वर स्तुति.

ઇંદ્રવજ્રા.

સમ્યકત્વ કેરી ફુલમાળ જેમાં,
ખીલી રહી છે અતિ પૂર્ણતાથી;
સૌ ધર્મ કેરા તરૂના સમૂહો,
શોભી રહ્યા જ્યાં સુખ આપનારા.
જેમાં પ્રવેશી ભવિ ભૃંગ વૃંદ,
ભૂં ભૂં કરે છે હણીને સ્વકર્મો;
જીનેશના બોધની વાટિકા તે,
દર્શાવતી મોક્ષતણો જ પંથ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણા વિચારોનાં પ્રતિબિંબરૂપ જગત.

લે૦—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

જેવા આપણે હોઇએ છીએ તેવીજ આપણી દુનિયા હોય છે. આપણે દુનિયાની પ્રત્યેક વસ્તુને આપણા આભ્યન્તર અનુભવ અનુસાર સમજીએ છીએ. બહાર ગમે તે હોય તેની જરા પણ દરકાર નથી, કારણ કે જે કાંઇ બહાર હોય છે તે સર્વ આપણા આંતરિક જ્ઞાનની અવસ્થાનું પ્રતિરૂપ હોય છે. આપણી આંતરિક અવસ્થા ઉપર સઘળું નિર્ભર રહેલું છે, કારણ કે જે કાંઇ અંતરંગ હોય છે તે સઘળું બહાર શીશાની માફક ઝળકવા લાગે છે. જે કાંઇ આપણને નિશ્ચિત રૂપ ભાસે છે તે સર્વ આપણો જાતીય અનુભવ જ છે અને જે કોઇ વસ્તુનું જ્ઞાન આપણને ભવિષ્યમાં થશે તે આપણા અનુભવમાં આવશે અને આપણો એક અંશ બની જશે.

આપણા જ વિચારો, આપણી ઇચ્છાઓ અને ઉચ્ચ આકાંક્ષાઓ આપણી દુનિયા છે અને તે દુનિયામાં આપણે જે કાંઇ હર્ષ, આનંદ, અને સુંદરતા અથવા દુઃખ, શોક અને કુરૂપતા અનુભવીએ છીએ તે સર્વ આપણા મનોગત વિચારોનાં જ પરિણામ રૂપ છે. આપણે આપણા પોતાના વિચારોથી આપણું જીવન અને જગત્ બનાવીએ છીએ અથવા બગાડીએ છીએ. આપણાં મનમાં જે પ્રકારના વિચારો હશે તે પ્રકારનું જ આપણું જીવન ઘડાશે અને તેવી જ આપણી બાહ્ય અવસ્થા બનશે. જે કાંઈ આપણાં હૃદયમંદિરમાં હોય છે તે કોઇ વખતે આપણાં બાહ્ય જીવનમાં અવશ્ય આવશે જ, અને આપણો સઘળો કાર્યવ્યવહાર તેને અનુસરીને જ ચાલશે. જે આત્મા નીચ, અપવિત્ર અને સ્વાર્થી હોય છે તે યથાર્થ રીતે દુઃખ અને શોક ભયાદિ તરફ ગમન કરે છે. અને જે આત્મા ઉચ્ચ, પવિત્ર, અને નિઃસ્વાર્થ હોય છે તે અનન્ય હર્ષ અને આનંદ પ્રતિ ખેંચાય છે. પ્રત્યેક આત્મા તેજ વસ્તુને પોતાની તરફ ખેંચી શકે છે કે જે તેની પોતાની હોય છે. અન્ય વસ્તુ તેની પાસે આવી શકતી નથી. આ વાત જાણવાને અને અનુભવવાને કુદરતી નિયમની સર્વવ્યાપકતા સ્વીકારવી પડે તેમ છે. મનુષ્યના માનસિક વિચારો જેવા હોય છે તે પ્રમાણે જ તેનાં જીવનની ઘટનાઓ બને છે જે ઘટનાઓ તેનાં જીવનને બનાવે છે અથવા બગાડે છે. પ્રત્યેક આત્માની અંદર ભિન્ન ભિન્ન પ્રકારના અનેક વિચારો અને અનુભવો ભરેલા હોય છે અને શરીર તે વિચારોને તથા અનુભવોને પ્રકાશિત કરવાનું પ્રત્યક્ષ સાધન બને છે. તેથી જેવા આપણા વિચારો હોય છે તેવા જ આપણે વસ્તુતઃ બનીએ છીએ. આપણી ચારે તરફ જે સંસાર ફેલાઇ રહેલ છે તે સર્વ આપણા વિચારોના રંગમાં રંગાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે અર્થાત્ આપણા વિચારોને અનુકૂળ રૂપ ધારણ કરી લે છે. બૌદ્ધધર્મના મહાત્મા બુદ્ધનું કથન છે કે "હું જે કાંઇ છું તે સર્વ મારા વિચારોનાં જ પરિણામ રૂપ છે. મારૂં જીવન મારા વિચારો ઉપર અવલંબેલું છે અને મારા વિચારોથી જ ઘડાયલું છે." આ ઉપરથી એટલું સ્પષ્ટતઃ પ્રતીત થાય છે કે કોઇ મનુષ્ય સુખી અને પ્રસન્ન છે તેનું કારણ એ છે કે તે પ્રસન્નતાના અને સુખના વિચારોમાં સદાકાળ મગ્ન રહે છે અને કોઇ મનુષ્ય જો દુઃખી અવસ્થા ભોગવતો હોય છે તો તેનું એ કારણ છે કે તે દુઃખ, નિરાશા અને નિર્બલતાના વિચારોમાં જ હમેશાં તન્મય રહે છે. કોઈ મનુષ્ય ભયભીત હોય કે નિર્ભય હોય, સાક્ષર હોય કે નિરક્ષર હોય, દુઃખી હોય કે સુખી હોય, તેની પ્રત્યેક અવસ્થાનું કારણ તેના આત્મામાં જ વિદ્યમાન છે અને બહાર કોઇ પણ સ્થળે નથી. આ સ્થળે શંકા ઉપસ્થિત થશે કે શું બાહ્ય અવસ્થાઓની લોકોનાં મન અને સ્વભાવ ઉપર કંઈ પણ અસર નથી થતી ? આનું સમાધાન એ છે કે બાહ્ય અવસ્થાઓ આપણે ઇચ્છીએ છીએ તેટલો પ્રભાવ આપણા ઉપર પાડે છે. બાહ્ય અવસ્થાઓ લોકો ઉપર પોતાનો અધિકાર જમાવે છે તેનું કારણ એ છે કે તેઓને વિચારશક્તિનું જોઈએ તેટલું જ્ઞાન હોતું નથી તેમજ તેના ઉપયોગથી તેઓ પરિચિત હોતા નથી. આપણે એમ માનીએ છીએ કે બાહ્ય અવસ્થાઓમાં આપણાં જીવનને બનાવવાની કે બગાડવાની શક્તિ રહેલી છે. આ માન્યતા ઉપર આપણાં સઘળાં સુખ દુઃખનો આધાર રહેલો છે. આ માન્યતાને લઇને આપણે બાહ્ય વસ્તુઓને આધીન બની જઇએ છીએ, આપણે તેના અનન્ય દાસ છીએ અને તેનું આપણા ઉપર સંપૂર્ણ સ્વામિત્વ છે એમ સમજી લઇએ છીએ. આ કારણથી આપણે તેને એક પ્રકારનું એવું બલ આપીએ છીએ કે જે તેનામાં સ્વાભાવિક રીતે નથી હોતું અને ખરી રીતે આપણે માત્ર ઘટનાઓનેજ વશ નથી બની જતા, પરંતુ તેને લઇને દુઃખ, સુખ, ભય, આશા, સબલતા, નિર્બલતાનો પણ અનુભવ કરવા લાગીએ છીએ.

મારા જાણવામાં એવા બે માણસો આવ્યા છે કે જેઓએ વર્ષો પર્યંત પરિશ્રમ કરી મેળવેલી સંપત્તિ પોતાની યુવાનીમાં ગુમાવી દીધી. આમાંના એકને તો તે નુકશાનનો એવો આઘાત લાગ્યો કે તે અત્યંત દુઃખી અને હતાશ બની ગયો. પરંતુ જ્યારે બીજા માણસના જાણવામાં આવ્યું કે જે બેંકમાં પોતે થાપણ મુકેલી હતી તે ભાંગી છે અને હવે તેમાંથી એક પાઇ પણ વસુલ થઇ શકે તેમ નથી ત્યારે તેણે અત્યંત શાંતિ અને ધૈર્ય ધારણ કરીને જણાવ્યું કે "ગયું તે ગયું. હવે તેને માટે શોક કરવો વ્યર્થ છે. એમ કરવાથી રૂપિયા મળી શકવાના નથી. દ્રવ્યની પ્રાપ્તિ કેવળ કઠિન પરિશ્રમથી જ થઇ શકે છે." તેથી તે નવીન ઉત્સાહથી પ્રેરાઇને મહાપરિશ્રમ કરવા લાગ્યો અને અલ્પ સમયમાં જ ઐશ્વર્યવાન બની ગયો. પહેલો માણસ પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર પડેલી આપત્તિને લઇને હમેશાં શોકાતુર રહેવા લાગ્યો અને પોતાનાં ભાગ્યને જ દોષિત ગણવા લાગ્યો. આ કારણથી તે પોતાની પ્રતિકૂળ દશાઓનો દાસ બની રહ્યો આ ઉપરથી સમજી શકાશે કે ધનહાનિને લઇને એક મનુષ્ય દુઃખી થયો, કારણ કે તેનાં મનમાં નાના પ્રકારના કુત્સિત વિચારો ઉત્પન્ન થયા હતા. પરંતુ તેજ કારણથી બીજા મનુષ્યને સુખ અને લાભનો અનુભવ થયો, તેનાં મનમાં નવીન શક્તિ અને આશાનો સંચાર થયો અને તેણે મહા પરિશ્રમ અને ઉત્સાહપૂર્વક કાર્ય કર્યું.

જો ઘટનાઓમાં લાભ અથવા હાનિ પહોંચાડવાની શક્તિ રહેલી હોય તો સમસ્ત મનુષ્યોને એક સરખા લાભ વા હાનિ થવા જોઇએ. પરંતુ જ્યારે એક જ ઘટનાથી એક મનુષ્યને લાભ અને બીજાને હાનિ થાય છે ત્યારે તો તેનાથી એટલું તો સિદ્ધ થાય છે કે લાભ કે હાનિ એ ઘટનામાં નથી, પરંતુ જે મનુષ્યને એ ઘટનાની સામે થવું પડે છે તેનાં મનમાં જ છે. આ વાત તમારા સમજવામાં પુરેપુરી રીતે આવશે ત્યારે તમે તમારા પોતાના વિચારો ઉપર અધિકાર મેળવવા યત્ન કરશો, તમારાં મનને વશ કરવાનો તથા તમારા આંતરિક મંદિરને પુનઃ બનાવવાનો આરંભ કરશો. તમે એ મંદિરમાંથી વ્યર્થ કુત્સિત વિચારોનો બહિષ્કાર કરશો અને કેવળ હર્ષ અને શાંતિ, શક્તિ અને જીવન, પ્રેમ અને અનુકંપા, સુંદરતા અને નિત્યતાના વિચારો ભર્યા કરશો અને જ્યારે તમે આમ કરશો ત્યારે તમે પ્રસન્ન ચિત્ત અને શાંત, દૃઢ અને સ્વસ્થ, પ્રેમાળ અને દયાળુ સ્વભાવના બની જશો.

જેવી રીતે આપણે ઘટનાઓને આપણા જ વિચારોનો પોશાક પહેરાવીએ છીએ, અર્થાત્ ઘટનાઓને આપણા જ વિચારોના રૂપમાં પરિણત કરીએ છીએ તેવી જ રીતે આપણે આ સંસારમાં આપણી ચારે બાજુના પદાર્થોને પણ આપણા વિચારોનો પોશાક પહેરાવીએ છીએ. જ્યાં એક મનુષ્યને શાંતિ અને સુંદરતા દૃગ્ગોચર હોય છે ત્યાંજ બીજાને અશાંતિ અને કુરૂપતાનું ભાન થાય છે. એક દિવસે એક ઉત્સાહી વિજ્ઞાનવેત્તા કોઈ ગામના રસ્તાઓમાં પોતાના ઇચ્છિત પદાર્થની શોધમાં ફરતો હતો. ફરતાં ફરતાં તે એક ખેતરની પાસે આવેલાં ખારાં પાણીનાં સરોવર પર આવી પહોંચ્યો. જ્યારે તે સૂક્ષ્મદર્શક યંત્ર વડે તે પાણીની પરીક્ષા કરી રહ્યો ત્યારે તેણે તેની પાસે ઉભેલા એક મૂર્ખ અશિક્ષિત ખેડુતના છોકરાની સમક્ષ તે સરોવરના સૂક્ષ્મ અને ગુપ્ત આશ્ચર્યજનક પદાર્થોનું ઉત્સાહપૂર્વક સવિસ્તર વર્ણન કર્યું અને કહ્યું કે " મિત્ર, આ સરોવરનાં પાણીમાં લાખો પ્રકારના જળજંતુ રહેલા છે. " તે છોકરાએ વિચાર કરી જવાબ આપ્યો કે "હા, હું સારી રીતે જાણું છું કે તે પાણીમાં દેડકાંના અને માછલીના નાનાં નાનાં બચ્ચાં છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુઓ, જેનું મગજ પ્રાકૃતિક વસ્તુઓનાં જ્ઞાનથી ભરેલું છે એવા એક પદાર્થ વિજ્ઞાનીએ જ્યાં વૈભવ અને સૌંદર્યનો અનુભવ કર્યો ત્યાં જે મનુષ્યનાં મગજમાં એ પ્રકારનાં જ્ઞાનનો અંશ માત્ર નથી તે દેડકાંના અને માછલીના બચ્ચાં સિવાય બીજું કાંઇ પણ જોઈ શકયો નહિ.

જે જંગલી પુષ્પને એક ચાલ્યો જતો મુસાફર વગર સમજે પોતાના પગ નીચે દાબી દે છે તે એક કવિના આધ્યાત્મિક નેત્રોને દેવદૂત સમાન ભાસે છે. સમુદ્રને ઘણા લોકો પાણીનો એક વિશાળ અને ભયંકર વિસ્તાર સમજે છે જેના ઉપર ઘણાં વ્હાણો ચાલે છે અને કોઇ કોઇ વખત નષ્ટ થઇ જાય છે. પરંતુ કોઇ ગંધર્વની દૃષ્ટિમાં સમુદ્ર એક જીવતીજાગતી વસ્તુ છે અને તેની લહરીઓમાં તેને દિવ્ય ગુણોનો ધ્વનિ શ્રવણગોચર થાય છે. જે સ્થળે સાધારણ મનુષ્યને ગરબડ અને અવ્યવસ્થા નજરે પડે છે તેજ સ્થળે તત્ત્વવેત્તા પુરૂષ કારણ કાર્યનો અવિનાભાવી સંબંધ નિહાળી શકે છે. જે સ્થળે નાસ્તિક અને જડવાદી પુરૂષને અનંત મૃત્યુ સિવાય બીજું કાંઇ દેખાતું નથી તેજ સ્થળે આસ્તિક પુરૂષને અજર અમર આત્માનું ભાન થાય છે અર્થાત્ કોઇ મહાન શક્તિનાં અસ્તિત્વનો બોધ થાય છે. જેવી રીતે આપણે ઘટનાઓ અને પદાર્થોને આપણા વિચારોથી વેષ્ટિત કરીએ છીએ તેવીજ રીતે આપણે બીજા લોકોના આત્માને આપણા પોતાના વિચારોના રૂપમાં પરિવર્તિત કરીએ છીએ. અર્થાત્ જેવા આપણે પોતે છીએ તેવાજ બીજાને સમજીએ છીએ. જે મનુષ્ય અવિશ્વાસી હોય છે તે સકળ સંસારના મનુષ્યોને તેવાજ સમજે છે. અસત્યવાદી મનુષ્ય એમ સમજીને દિલાસો લે છે કે આખા સંસારમાં એક પણ મનુષ્ય એવો નથી કે જે સંપૂર્ણતઃ સત્યવાદી હોય. ઇર્ષ્યાળુ સ્વભાવનો મનુષ્ય સર્વને પોતાની જેવા જ માને છે. કોઈ માણસ પોતાની પાસેથી પૈસા છીનવી લેશે એવો કૃપણ મનુષ્યને હમેશાં ભય રહે છે. જે મનુષ્ય વેપારરોજગાર કરવામાં નીતિનું પાલન કરતો નથી તે સદા એમજ ધારે છે કે આ દુનિયા અનીતિવાન મનુષ્યોથી જ ભરેલી છે. જે મનુષ્ય વિષયવાસનાઓમાં રાતદિવસ લીન રહે છે તેઓ સાધુ મહાત્માઓને પણ ઢોંગી સમજે છે. આથી ઉલટું, જેના વિચારો ઉદાર, પવિત્ર અને પ્રેમયુક્ત હોય છે તેઓ બીજા લોકોની સાથે પ્રેમ અને સહાનુભૂતિથી વર્તવાનો પોતાનો ધર્મ સમજે છે. સત્યપરાયણ અને નીતિવાન મનુષ્યોને શંકા કે સંકોચથી કદિ પણ દુઃખ થતું નથી. ઉદારચરિત મનુષ્યો અન્ય માણસોની ઉન્નતિ જોઈને પ્રસન્ન બને છે અને ઈર્ષ્યા કોને કહેવાય તે પણ તેઓ જાણતા નથી. જે લોકોને પોતાના આત્મામાં પરમ સત્તાનો સાક્ષાત્કાર થયો હોય છે તેઓ પ્રાણી માત્રને અનન્ય પ્રેમદૃષ્ટિથી જુએ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમસ્ત સ્ત્રી પુરૂષોને પોતાના માનસિક વિચારોની સત્યતા જે વાતથી સંપૂર્ણતયા પ્રતીત થાય છે તે એ છે કે જે વિચારોને તેઓ પોતાની અંદરથી બહાર દર્શાવે છે તે વિચારોને કાર્યકારણના અચલ નિયમાનુસાર તેઓ પોતાની તરફ આકર્ષિત કરે છે અને તે હેતુને માટે તેઓ પોતાની જેવા વિચારો ધરાવનારની સાથે સહવાસ રાખે છે. 'એકજ જાતનાં પક્ષી એક સાથે ઉડે છે અને એક સ્થાન પર બેસે છે' એ કહેવત અત્યંત મહત્વની છે; કારણકે સ્થૂળ જગતની માફક માનસિક જગત્માં પણ પ્રત્યેક વિચાર પોતાની જેવા સાથેજ સંબંધ રાખે છે. જો તમે એમ ઇચ્છતા હો કે અન્ય લોકો તમારી સાથે માયાળુપણે વર્તે તો તમારે પણ તેઓની સાથે તે પ્રમાણે વર્તવા યત્ન કરવો જોઈએ. જો તમારી એવી ઈચ્છા હોય કે બીજા માણુસો તમારી સાથે સચ્ચાઈથી વ્યવહાર કરે તો પહેલાં તમે પોતે સચ્ચાઈથી વર્તવાની શરૂઆત કરો. જે કાંઇ તમે આપશો તેજ તમને મળશે એમ ખાતરીપૂર્વક માનો; કેમકે આ સંસાર તમારા વિચારોનાં પ્રતિબિંબરૂપ છે. કહેવાની મતલબ એ છે કે બીજા લોકો તરફથી તમે જેવા પ્રકારના વ્યવહારની ઇચ્છા રાખતા હો તેવા પ્રકારનો વ્યવહાર તમારે તેઓની સાથે રાખવો જોઈએ.

મૃત્યુ પછી સ્વર્ગની પ્રાપ્તિને માટે તમે હમેશાં પ્રાર્થના કરતા હો કે અભિલાષા રાખતા હો તો તમને અત્ર આનંદપ્રદ સમાચાર આપવામાં આવે છે કે તમે સ્વર્ગમાં પ્રવેશ કરવાનો પરવાનો મેળવી શકશો અને તમારા પોતાનાં હૃદયમાં તેનો અનુભવ હમણાં જ કરી શકશો. જે સ્વર્ગ મેળવવાની તમે આટલી તીવ્ર અભિલાષા રાખો છો તે આખા સંસારમાં ફેલાઈ રહેલ છે અને તમારા અંતરમાં પણ મોજુદ છે. વિલંબ માત્ર એટલો જ છે કે તમે તેની શોધ કરો, તેનો સ્વીકાર અને સત્કાર કરો, અને તેના ઉપર તમારો અધિકાર જમાવી લ્યો. એક અનુભવી વિદ્વાને એક સ્થળે ઠીક કહ્યું છે કે "જ્યારે કોઈ માણુસ તમને એમ કહે કે આ જુઓ અને તે જુઓ ત્યારે તમારે તેની પાછળ પાછળ દોડવું નહિ. પરમાત્મા તો તો તમારા અંતરમાં મોજુદ છે. તેની ખાતર તમારૂં કર્ત્તવ્ય એટલુંજ છે કે તમે આ વાત ઉપર ખરેખરા અંતઃકરણપૂર્વક વિશ્વાસ રાખો, જેથી કરીને તમારાં હૃદયમાંથી સર્વ પ્રકારની શંકાઓ દૂર થઈ જશે અને તમને તે વાત સારી રીતે સમજાય ત્યાંસુધી તેના ઉપર પુનઃ પુનઃ વિચાર કર્યા કરો. પછી તમે તમારાં આંતરિક જગતને બનાવવાનો અને તેને પવિત્ર રાખવાનો ઉદ્યમ કરશો. તેમજ જેમ જેમ તમારૂં આધ્યાત્મિક જ્ઞાન વધતું જશે તેમ તેમ તમને પ્રતીત થતું જશે કે બાહ્ય પદાર્થોમાં કંઇ પણ શક્તિ રહેલી નથી, અને આત્મામાં જ એવી વસ્તુ છે કે જેમાં જાદુઈ અનંત શક્તિ રહેલી છે, પણ તેની બહાર કંઇ પણ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુરૂ પ્રદક્ષિણા કુલક.

( અનુવાદ. )

રાગ કવાલી.

દેવગુરૂ સદૈવ ઉપકારી, નિકટ ઉપકાર ગુરૂભારી;
સ્વરૂપ કહ્યું દેવ વિસ્તારી, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧
ગણાધિપ ગાયમા સુહમા, પ્રભુ જંબુ પ્રભવ મહિમા;
દીઠે ગુરૂ સૌ દીઠા મહીમા, નમું નિત્ય પાદ ગુરૂરાયા. ૨
થયો કૃતાર્થ હું આજે, જીવન સફળ થયું છાજે;
દીઠે ગુરૂ નેત્ર અમીરાજે, નમું નિત્ય પાદ ગુરૂરાયા. ૩
ધન્ય તે દેશ નગરીને, ધન્ય તે ગામ આશ્રમને;
ધરા ધન્ય જ્યાં ગુરૂ છાયા, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૪
કૃતારથ શીર ગુરૂ ચરણે, ગિરા કૃતાર્થ ગુરૂ વરણે;
સફળ નયણા દરશ કરણે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૫
કામધેનુ ફળી ક્વારે, થઇ વૃષ્ટિ કનક ધારે;
દીઠા દારિદ્ર ગયું મારે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૬
થયું સમક્તિ ગુરૂ દીઠે, ગયા અઘઓઘ ગુરૂ ત્રુઠે;
અંત સંસાર ગુરૂ દીઠે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૭
મુખાર્વિંદ સદ્ગુરૂ ભાલી, દેવની રીદ્ધી નિર્માલી;
ચલુક સંસાર દધિ ખાલી, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૮
વચન મન કાયથી બાંધ્યું, પાપ જે અદ્યપિ સાધ્યું;
ગુરૂ મુખ દર્શને લાધ્યું, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૯
મનુષ્યભવ ધર્મ જિન ભાખ્યો, દોહિલો શાસ્ત્રમાં આખ્યો;
મળે પણ યોગ ગુરૂ દોહિલો, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૦
પ્રસન્ન મુખ સદ્ ગુરૂ ખાંતે, ન દેખું જ્યાં હું પરભાતે;
પિયુષ જિન વાણી કર્ઇ ભાતે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૧
મયુર પ્રમુદીત ઘન ગાજે, પ્રફુલ્લક ઘોત રવી રાજે;
ગુરૂ મુખ જોઇ મન ગાજે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૨
ગાય નિજ વાછડું પાલે, વસંતે કોકિલા મ્હાલે;
ગુરૂ મન મંદિરે મ્હાલે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન્ય તે દિન ધન્ય વેળા, ધન્ય ગુરૂ રાજના મેળા;
અમૃતના નેત્રમાં રેળા, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૪
ક્રોધ જય માન ક્ષય કીધો, માયાને દેશવટો દીધો;
લોભને વશ કરી લીધો, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૫
ગુરૂની સરળતા સારી, ગુરૂની નમ્રતા ભારી.
ક્ષમા સંતોષ વૃતિધારી, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૬
અંધને નેત્ર ગુરૂ રાયા, પંગુને યષ્ટિ સુખદાયા
રાંકને રત્ન સુપસાયા, નમું નિત્ય પાદ ગુરૂ રાયા ૧૭
બાહ્ય પલ્વિત ગુરૂ રાયા, મનોરથ શુદ્ધ ઊરઠાયા;
મોક્ષ સન્મુખ જશ કાયા, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૮
સૂરિને વંદના કરતાં, થાય શત્ સહસ્ત્ર ભવ હરતા;
સદા સમક્તિ ગુરૂ નમતાં નમું નિત્ય પાદ ગુરૂ રાયા ૧૯
ભાવથી ભાવ સૂરી નમતાં, પાપલય થાય જપ જપતાં;
મંગળ ઘર આંગણે રમતાં, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૨૦
ગુરૂને દક્ષણા ભક્તિ, કરો ત્રીકયોગ સ્તુતિ જુક્તિ
સાંકળચંદ ધર્મ એ વ્યકિત, નમું નિત્ય પાદ ગુરૂ રાયા ૨૧

—:—:—

# મુંગા પણ ઉપયોગી જાનવરો પ્રત્યે અનુકંપા અથવા દયા દાખવવાની આપણી ફરજ.

મુંગા પણ અનેક પ્રકારે ઉપયોગી જાનવરો પ્રત્યે આપણું વર્તન વિવેકથી સુધારવાની જરૂર છે. ગાય, ભેંસ, બળદ અને બકરી પ્રમુખ પ્રાણી વર્ગ પ્રત્યે સ્વાર્થવશતાથી ( પોતાનો સ્વાર્થ સરતો હોય ત્યાં સુધી ) સારૂં વર્તન ચલાવાય છે ખરૂં, પરંતુ જ્યારે સ્વાર્થ સરી રહે છે ત્યારે તે તે પ્રાણી વર્ગનો પૂર્વ ઉપકાર વિસારી મૂકી કાંય તો તેને પાંજરાપોળમાં પધરાવી દેવાય છે, અથવા તો કસાઇ લોકને વેચાતાં આપી દેવામાં આવે છે. આ વાત ઉચિત નથી, પણ કેવળ અનુચિત અને અન્યાય્ય જણાય છે. કસાઇ લોકોને તે તે નિરપરાધી પ્રાણીઓ વેચાતા આપવા તે તો પ્રગટ નિર્દયતાનું કામ છે. તે તો ઉપકારને બદલે અપકાર કરવા જેવું છે. અને તે પ્રાણીઓને તેમની છેવટની જીંદગી સુધી કૃતજ્ઞતાથી પાલન પોષણ જાતેજ કરવાને બદલે પાંજરાપોળમાં મૂકી દેવા તે પણ પાંજરાપોળમાં નાહક ખર્ચનો વધારો કરી તેને બોજારૂપ થવા બરાબર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંજરાપોળમાં તો કેવળ પાંગળાં-લૂલાં લંગડાં અને જેમનો કોઇ ધણીધોરી ન જ હોય એવાં જાનવરોનોજ બહુધા નિર્વાહ થવો જોઇએ તેને બદલે તેમાં જો સબળ જાનવરોને પણ પાળવા પોષવામાં આવે તો તેમાં અધિક ખર્ચ થતાં બીજા અપંગાદિક દુ:ખી અને દુર્બળ જાનવરોને અધિક પ્રમાણમાં રાખવાનું કે સાચવવાનું પાલવે નહીં, એટલુંજ નહી પણ આજકાલ ચાલતી વ્યવસ્થા અને સગવડ વગરની પાંજરાપોળોમાં તો બહુધા સબળ જાનવરો વડે નિર્બળ જાનવરોનો મરો વધારે થવા પામે છે તે ન્યાયવિરુદ્ધ હોવાથી ઉચિત લેખાય નહીં, તેથી ગમે તેવા સંયોગોમાં પાંજરાપોળો મધ્યે જમા થયેલા સબળ જાનવરોનું ખર્ચ વધારવા કરતાં તેવાં જાનવરોને કૃતજ્ઞતા સાથે અનુકંપા બુદ્ધિથી તેના માલીકોએ જાતેજ પાળવા અથવા તેમનું અન્યત્ર સારી રીતે પાલનપોષણ થાય તેવી પોતાના ખર્ચથી વ્યવસ્થા કરવી વાજબી છે. પ્રથમના વખતમાં દયાળુ, ઉદાર અને શ્રદ્ધાળુ લોકો આવાં ઉપયોગી સંખ્યા બંધ જાનવરોને પોતાની પ્રજાની પેઠે પાળતા પોષતા અને તેની ખરી સંપત્તિ સમજતા હતા. આનંદાદિક ગૃહપતિઓને ત્યાં કેટલાં ગોકુળ હતાં ? અને તે કેવાં સુખી અને આબાદ રહેતા હતા ? સદ્ગુણી ગૃહસ્થો એવી ઉદાર રીતિ નીતિ કયારે અખત્યાર કરશે ? ઇતિશમ્

લે૦ મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

## આરોગ્ય સાચવવા અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય નિયમો અને તેથી થતા કઇક અવાંતર ફાયદા.

૧ સુખે પચી શકે એવો સાદો અને સાત્વિક નિર્દોષ વનસ્પતિ ખોરાક નિયમિત વખતે માપસર ક્ષુધાને શાન્ત કરવા અને ક્ષીણતા દૂર કરવા લેવો જોઇએ.

૨ લેવામાં આવતો ખોરાક કઠણ હોય તો તેને ખુબ ચાવીને પાણી જેવો કર્યા પછીજ ગળે ઉતારવો જોઇએ.

૩ દૂધ જેવો પ્રવાહી ખોરાક હોય તો તેને પણ ધીમે ધીમે કઠણ પદાર્થની પેઠે મોઢામાં થોડો વખત મમળાવ્યા બાદજ ગળે ઉતારવો જોઇએ.

૪ પાચન ક્રિયા બરાબર સતેજ થાય એટલા પૂરતી શરીર મહેનત કરવા જરૂર લક્ષમાં રાખવું જોઇએ.

૫ ખુલ્લી સ્વચ્છ હવા પુરતા પ્રમાણમાં લેવી જોઇએ.

૬ શુદ્ધ-સ્વચ્છ જળ, ખાન પાનમાં વાપરવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ સૂર્યાદિકનો પ્રકાશ સારી રીતે આવી શકે એવા સ્થળમાં નિવાસ કરવો જોઇએ.

૮ બની શકે ત્યાં સુધી જીંદગીની પ્રથમની પચીશ વર્ષની વયપર્યન્ત મન વચન કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઇએ.

૯ દરમ્યાન તામસી વૃત્તિને પોષનારાં ખાનપાનથી પરહેજ રહેવું જોઇએ. સાત્વિક વૃત્તિને અનુકૂળ હોય એવુંજ ખાનપાન કરવું જોઇએ.

૧૦ પવિત્ર-નિર્દોષ વિચાર વાણી અને આચારનો અભ્યાસ રાખી કાયમ તેની ખીલવણી કરવી જોઇએ.

૧૧ સદોષ-મલીન વિચાર વાણી તથા આચરણથી સદંતર દૂર રહેવા સતત પ્રયત્ન કરવો જોઇએ.

૧૨ સર્વનું સદાય હિત ચિન્તન કરતાં શિખવું જોઇએ.

૧૩ દુઃખી જનોનું દુઃખ વિદારવા બનતો પ્રયત્ન કરવા ચૂકવું નહિ જોઇએ.

૧૪ સુખી અને સદ્દગુણી જનોને દેખીને કે સાંભળીને દીલમાં રાજી-પ્રમુદિત થવું જોઇએ.

૧૫ ગમે તેવા નીચ-નાદાન-નિંદ્ય કાર્ય કરનાર ઉપર પણ દ્વેષભાવ લાવ્યા વગર તેને સુધારી શકાય તો સુધારવા અને તેમ કરવું અશકય જણાય તો સમભાવ રાખી અન્ય હિત કાર્ય પ્રમાદ વગર કરવા સદાય લક્ષ રાખવું જોઇએ.

૧૬ શરીર શુદ્ધિ, વસ્ત્ર શુદ્ધિ, ચિત્ત શુદ્ધિ અને સ્થાન શુદ્ધિ પ્રમુખથી આરોગ્ય સચવાય છે. તેથી તેવી શુદ્ધિની ઉપેક્ષા કરવી નહીંજ.

૧૭ શરીર આરોગ્ય સારૂં સચવાય તો ચિત્ત પ્રસન્ન રહે છે અને ચિત્તની પ્રસન્નતાથી સુખશાન્તિમાં વધારો થઇ શકે છે તથા ધર્મ સાધન પણ અનુકૂળતાથી થઇ શકે છે, જેથી પરભવ પણ સુધરી શકે છે.

૧૮ શરીર આરોગ્ય ટકાવી રાખવા ઇન્દ્રિય નિગ્રહ, ક્રોધાદિક કષાય નિગ્રહ, મન વચન કાય નિગ્રહ અને હિંસાદિક પાપ નિગ્રહ અવશ્ય કર્તવ્ય છે.

૧૯ સંયમ અથવા આત્મ નિગ્રહ જ સર્વ સુખશાન્તિનું મૂળ જાણી તેની રક્ષા અને પુષ્ટિ થાય તેમ આળસ-પ્રમાદ રહિત વર્તવું સર્વથા ઉચિત છે.

૨૦ ઇન્દ્રિય-વિષય અને કષાયને પરવશ થવાથી, મન વચન કાયાને મોકળા મૂકવાથી તથા હિંસાદિક પાપોમાં રક્ત રહેવાથી અનિષ્ટ પરિણામજ આવે છે.

૨૧ આત્મ નિગ્રહને જ ખરી ઉન્નતિનું પ્રબળ સાધન જાણી સુખના અર્થીજનોએ તે સદાય સેવવા લક્ષ રાખવું. ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન કોમમાં કેળવણી.

## તે સંબંધી કેળવણી ખાતાના અધિકારીઓના અભિપ્રાય.

( સંગ્રહ કરનાર નરોતમદાસ બી. શાહ, મુંબઇ )

### અમદાવાદની ગવર્મેન્ટ મિડલ સ્કુલના હેડ માસ્તર મી. એચ. એમ. મહેલાનો અભિપ્રાય.

નં. ૩૬૭
ગવર્મેન્ટ મિડલ સ્કુલ.
અમદાવાદ તા. ૨૦-૧-૧૯૧૯.

ઉત્તર વિભાગના કેળવણી ખાતાના મહેરબાન ઇન્સ્પેકટર સાહેબ પ્રતિ—

સાહેબ,

આપના તા. ૨ જી જાન્યુઆરીના નં. ૧૧૧૪૪ ના સરક્યુલરના સંબંધમાં હું નીચે મુજબ મારા વિચારો જણાવવા રજા લઉં છું.

૧ જૈન વિદ્યાર્થીઓમાં માધ્યમિક અને કૉલેજની કેળવણીનો પ્રસાર કરવા સંબંધી ચોક્કસ સૂચનાઓ કરવામાં મી. નરોત્તમ બી. શાહનો પત્ર અતિ ઉપયોગી થઈ પડે તેમ નથી.

૨ મેં કેટલાક વર્ષો સુધી એક જૈન ઑર્ડીગના, મારી જ્ઞાતિની કેળવણી કમિટીના અને કેટલાક ગૃહસ્થોના કેળવણી ફંડના ઑ૦ સેક્રેટરી તરીકે કાર્ય કર્યુ છે. એ પ્રમાણે કાર્ય કરતાં થોડો ઘણો અનુભવ મને મળ્યો હોય એવી આશા રાખવામાં આવે અને તે અનુભવના ધોરણે હું પ્રસ્તુત વિષય ઉપર મારા વિચારો દર્શાવીશ.

૩ પ્રાથમિક કેળવણી સિવાયની બીજી કેળવણી તરફ અણગમો ઉપજાવનારાં કેટલાંક કારણો અહીં જણાવું છું.

(અ) જૈનોની વેપારી બુદ્ધિ (બ) આળલગ્ન (ક) વેપારનાં મોટાં મથકો સિવાય મુખ્યત્વે કરીને બીજાં સ્થળોમાં મધ્યમ વર્ગની વધતી જતી ગરીબાઇ.

આ મુશ્કેલીઓ દૂર કરવાને ‘ સાદું જીવન અને ઉંચા પ્રકારની વિચારશક્તિ ’ નું મહત્વ જૈનોનાં મનમાં અસરકારક રીતે ઠસાવવું જોઇએ અને પોતાનો અભ્યાસ આગળ ચાલુ રાખવાની ઇચ્છા ધરાવનાર જૈન વિદ્યાર્થીઓને વધારે અને વધારે સગવડતા કરી આપવી જોઇએ; પરંતુ એટલું તો કબુલ કરવું જોઇએ કે આ બધાનો આધાર ઉક્ત હેતુને માટે ઉઘાડેલા ફંડો ઉપર રહેલો છે. અને જો મી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નરોત્તમદાસ જૈન કોમના કુબેરોને તેઓની થેલીઓનાં મ્હોં ખુલ્લાં મુકવામાં ઉદાર દિલના બનાવવામાં ફત્તેહમંદ નીવડે તો તે દિશામાં ઘણી સારી પ્રગતિ થઈ શકે. આ ઉપરાંત નીચેની સૂચનાઓ ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવશે એવી આશા છે.

(૧) અમદાવાદની શેઠ ચીમનલાલ નગીનદાસ બૉર્ડીંગ જેવી કેટલીએક બૉર્ડીંગો આ ઇલાકાના મુખ્ય શહેરોમાં ખોલવી જોઇએ. ( જ્યાં નવથી બાર વર્ષની ઉમ્મરના અવિવાહિત વિદ્યાર્થીઓને મફત દાખલ કરવામાં આવે છે અને તેઓની રીતભાત તેમજ ચારિત્ર્યનાં બંધારણ ઉપર ખાસ લક્ષ આપવામાં આવે છે ) જો બની શકે તો આવી દરેક બૉર્ડીંગની સાથેજ એક સ્કૂલ પણ રાખવી જોઇએ. તે સ્કૂલમાં જે વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ કરી ભવિષ્યમાં સારા નીવડે એવા જણાય અને જેઓ પછાત રહી જતા જણાય તેઓના વિભાગ પાંચમા કે છઠ્ઠા ધોરણથી પાડી નાંખવા અને બીજી પંક્તિના વિદ્યાર્થીઓને વેપારમાં ઉપયોગી થાય એવા વિષયોનું શિક્ષણ આપવું.

(૨) પરીક્ષાઓમાં વિજય અથવા વર્ગમાં સારો અભ્યાસ એ વિદ્યાર્થીવેતનો (Scholarships) આપવાનું ધોરણ હોવું જોઇએ. અને જો પૈસા સરકારને સોંપવાનું પસંદ કરવામાં આવે ( જેનાથી પક્ષપાત થવાનો તેમજ યોજના પડી ભાંગવાનો કદિ સંભવ નથી ) તો જે પદ્ધતિએ કાઝી શાહબુદ્દીન સ્કૉલરશિપ આપવામાં આવે છે તેજ પદ્ધતિએ ઉક્ત હેતુને માટે સરકારને સોંપેલા પૈસાના વ્યાજનો વિદ્યાર્થીવેતનો આપવામાં સદુપયોગ કરવો.

(૩) યુનિવર્સિટીની તેમજ બીજી કોઇ અગત્યની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને જૈન તેમજ જૈનેતર અગ્રેસરોના જાહેર મેળાવડામાં સારાં પારિતોષિકો આપવા, જેથી કરીને બીજા વિદ્યાર્થીઓમાં પોતાથી બને તેટલી સારી રીતે આગળ વધવાનો ઉત્સાહ સ્ફુરે.

(૪) હિંદુસ્તાનમાં અથવા હિંદુસ્તાનની બહાર અભ્યાસ આગળ ચાલુ રાખવા શક્તિવાન બને એટલા માટે કોઇ આર્થિક મદદની જરૂરવાળા લાયક વિદ્યાર્થીને બિલકુલ વગર વ્યાજે પૈસા અગાઉથી ધીરવા અને એ વિદ્યાર્થી કોઇ નોકરી અથવા ધંધાનો સ્વીકાર કરે એટલે તેણે તે પૈસા કટકે કટકે પાછા ભરી દેવા.

( સહી ) એચ. એમ. મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સરકારી કેળવણી ખાતાના ડેપ્યુટી ઇન્સ્પેકટર મી. એસ. એમ. પટેલનો અભિપ્રાય.

નં. ૩૭૧૪

નડીયાદ તા. ૧૫-૧-૧૯૧૯

ઉત્તર વિભાગના કેળવણી ખાતાના મહેરબાન ઇન્સ્પેકટર સાહેબ પ્રતિ—

**સાહેબ,**

આપના તા. ૨ જી જાન્યુઆરીના નં. ૧૧૧૪૪ ના સકર્યુલરના જવાબમાં નિવેદન કરવાની રજા લઉં છું કે માધ્યમિક શાળાઓમાં જૈન વિદ્યાર્થીઓ ઓછી સંખ્યામાં હોય છે તેનું મુખ્ય કારણ એકજ છે. તે એ છે કે તેઓમાં વેપારી બુદ્ધિ અને શક્તિ વંશપરંપરાગત હોય છે. પરંતુ હમણાં હમણાં તેઓમાં અંગ્રેજી કેળવણી સંપાદન કરવાની ઇચ્છા જાગૃત થયેલી છે; કેમકે દુનિયાના જુદા જુદા ભાગોમાં વેપાર ચલાવવા માટે અંગ્રેજી જ્ઞાનની સંપૂર્ણ આવશ્યકતા છે. જૈનોમાં અંગ્રેજી કેળવણીનો પ્રસાર વિશેષ કરવાની આવશ્યકતા માં. શાહના સમજવામાં આવેલ છે. તેથી મારી એટલી ભલામણ છે કે મિડલ સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ માટે રૂા. ૧૦ ની સ્કૉલરશિપો રાખવી.

હાલમાં જૈન વિદ્યાર્થીઓ મેટ્રિક્યુલેશન સુધી અભ્યાસ કરતા દૃષ્ટિગત થાય છે અને તે પરીક્ષા પસાર કર્યા પછી અથવા એક બે વખત પરીક્ષામાં નાપાસ થયા પછી અભ્યાસને તિલાંજલી આપે છે. કૉલેજની કેળવણી લેવા તરફ જૈન વિદ્યાર્થીઓનું આકર્ષણ વધારવા માટે કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માસિક રૂા. ૨૫ ની સ્કૉલરશિપ આપવાની પુરેપુરી જરૂર છે એમ મારૂં માનવું છે.

( સહી ) એસ. એમ. પટેલ.

કે૦ ખા૦ ના ડેપ્યુટી ઇન્સ્પેકટર.

# આત્મા અને પરમાત્માનો સંબંધ.

જૈન દર્શન કહે છે કે આત્મા કર્મથી મુક્ત થયા પછી પરમાત્મ-સ્વરૂપ પામે છે, વેદાંત કહે છે કે આત્મા અને પરમાત્માનું ત્રણે કાળમાં એકત્વજ છે. અત્યારે ભાસ્યમાન થતી પ્રથકતા માત્ર ભ્રાંતિ વડેજ છે અને જ્ઞાનના પ્રકાશ વડે એ માયાનું આવરણ ખસી જતાં આત્મા પોતાને પરમાત્મા રૂપેજ પ્રતીત થાય છે. બુદ્ધ કહે છે કે આત્મા કોઇ વસ્તુજ નથી. માત્ર પરમાત્માજ છે. પરંતુ આ પરમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્વ કોઈ પ્રકારના લૌકીક ઉદાહરણુ વડે મનુષ્યની જ્ઞાન -મર્યાદામાં આવતું ન હોવાથી તેની બુધ્ધોએ શૂન્ય રૂપે ગણુના કરી છે. બુદ્ધ–દર્શનની દષ્ટિથી, મનુષ્ય એ પાંચ પ્રકારના સ્કંધો ( રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન ) નો સમુદાય છે અને તે સ્કંધોનું પરિચાલક તત્ત્વ તેના મૂળ શુદ્ધ સ્વરૂપે અજ્ઞેય, અસ્પૃષ્ટ, નિરાકાર અને નિરપેક્ષ છે. ઇસ્લામ ધર્મ જીવમાં ખુદાનું નુર હોવાનું માને છે અને એ પ્રમાણે દુનીયાના સર્વ નાના મોટા દર્શનો એ, વાણીના ભિન્ન ભિન્ન પ્રકારોદ્વારા આત્મા અને પરમાત્માનો એકજ પ્રકારનો સંબંધ દર્શાવ્યો છે અને તે એ કે આત્મા પરમાત્મા થવાના સ્વભાવવાળો છે. આત્માનાં સ્વરૂપ બંધારણમાં જ પરમાત્મા બનવાની યોગ્યતાનું બીજ રહેલું છે. દેશ, કાળ, મનુષ્ય બુદ્ધિના વિકાસનો ક્રમ, આદિ કારણોને લઇને એ એકની એક ભાવના જુદા જુદા સ્વરૂપે, જુદા જુદા દર્શનોની ઘાટીમાં, પરિણામ પામી છે. એ એકજ મહાસત્યે દેશકાળ પરત્વે જુદું જુદું રચના–સ્વરૂપ ધારણુ કરેલું છે. આત્માના નિગૂઢ અંતસ્તમ પ્રદેશમાં આ સત્ય ઉજ્વળ અક્ષરે કોતરાયું છે. એટલુંજ નહીં પણ તે સત્ય તેના બંધારણુની સાથે અભેદભાવે સ્થિતિ પામી રહેલ છે.

આત્મા, પરમાત્માની સાથે અનાદિ પરિણુય–ગ્રંથીથી જોડાએલો છે. આત્મા પ્રણુયિની છે, પરમાત્મા પ્રણુયી છે. એ ઉભયનો લગ્ન–યોગ થયેલોજ છે. માત્ર આત્માને તેના સ્વામીના સ્થાનની ખબર નથી. અને બંસીના આહ્લાદક સૂરથી આત્માને ત્યાં આવી ભેટવા માટે આ મંત્રી રહેલા છે. પરંતુ વિમુગ્ધકર સૂરથી ઘેલો બનેલો આત્મા એ સૂર કયાંથી આવે છે તે જાણુતો નથી તેથી આમ તેમ દોડાદોડ કરી રહેલ છે. આ દોડાદોડ તે આપણો સંસાર છે. આપણા સ્વામીનું આમંત્રણુ કયાંથી આવે છે અને આપણે કયા પ્રદેશમાં દોડીએ છીએ તેનું આપણુને ભાન નથી.

સંસાર એ આત્માનો સ્વાભાવિક ધર્મ નથી તેમજ તેનું આભ્યંતરીક સ્વરૂપ નથી. અને એટલાજ માટે આપણે સંસારની પાછળ દોટ મુકી પડયા છીએ છતાં તે આપણી મુઠીમાં આવતો નથી. જે આપણા સ્વભાવમાં નથી તે આપણુને કેવી રીતે પ્રાપ્ત થાય? સંસાર માયાના મૃગની પેઠે તેની પછવાડે આપણુને દોડાવ્યે રાખે છે, પરંતુ કોઇ કાળે હાથમાં આવતો નથી. તેની સાથે આપણો જાથુનો સબંધ કોઇ પ્રકારે બંધાઇ શકતો નથી.

સંસારની પછવાડે દોડવામાં આપણે એવા તત્વની પછવાડે દોડીએ છીએ કે જે આપણા સ્વરૂપ સાથે કોઇ કાળે મેળ લે તેમ નથી, ત્યાં માત્ર દોડવાનુંજ છે, વિરામવાનું છેજ નહી. દોડી દોડીને કયાં પહોંચવાનું છે તેનો કાંઇ લક્ષ્ય નથી. માત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવિરત, અવિશ્રામ, નિરંતર, ચાલ્યા જ કરવાનું. એ ચાલ્યા કરવાની સમાપ્તિ જ નહી.

સંસારની વાંસે દોડવાનું ફળ શું સંસાર કાંઇ જ આપતો નથી ? ફળ આપે છે. પરંતુ તે ફળ સંસાર એવા હેતુથી જ આપે છે કે તેનો ઉપભોગ કર્યા પછી આપણા પગમાં ફરીથી દોડવાનું બળ આવે. નિરાશ થઇને દોડવાનું મુકી ન દઇએ એટલા જ માટે આપણા રાહ ઉપર રોટલીના ટુકડા, અને કોઈવાર ચળકતી ધાતુઓના કટકા અથવા રંગબેરંગી રમકડાં સંસાર નાંખતું જાય છે. આથી મોહ પામી વળી વધારેની આશાએ વધારે જોસભર દોડીએ છીએ; પડતા, આખડતા, કોઇવાર ધીરી ગતિએ, કોઇવાર દ્રુત વેગે, સાજા, માંદા, અધસુવા, રોતા, હસતા, બાઝતા, હાથમાં હાથ મીલાવતા, રીંસાતા, રીઝાતા, વિવિધ મનોભાવ સહવર્તમાન, વિવિધ ભંગીથી ચાલ્યાજ કરીએ છીએ. સંસારને પકડી પાડીને તેને આત્મામાં મેળવી લેવાની મહતી આકાંક્ષાપૂર્વક આપણી ગતિને આપણે નિયમાવીએ છીએ. છતાં તે આપણને મળતો નથી તેનું કારણ શું ? એજકે તેની સાથે આપણો સ્થાયી, ચરમ સબંધ નથી. આપણો સ્થાયી, સ્વભાવગત સબંધ પરમાત્માની સાથે છે, એટલા જ માટે આપણે સંસારને કોઇ કાળે મેળવી શકવાના નહી. પરંતુ આપણા હૃદયની ગુહામાં વિરાજતા પરમાત્માને મેળવી શકીએ તેમ છીએ.

સંસાર આપણને જે કાંઇ આપે છે તેમાં આપણે એટલા બધા રંજીત અને આનંદિત થઇએ છીએ કે એથી વધારે સારૂં આપણને કોઇ આપી શકે તે વિચારને આપણા મનમાં પ્રવેશવા પણ દેતા નથી. સંસારના પુંઠે જે શ્વાસભર દોડ આપણે નિભાવી રાખીએ છીએ તેના બદલામાં કેટલીકવાર આપણને સુંદર લલચાવનારી ચીજો મળે છે, કેટલીકવાર દોડનો થાક નિવારવા વિસામો પણ મળે છે, અને એ વિશ્રામકાળમાં સંસારે આપેલી એ મોહક ચીજોનો ઉપભોગ કરી એનાથી વધારે મોહક સામગ્રી માટે પાછા સંસારની પછવાડે હડી કાઢીએ છીએ.

ભાડુતી ગાડીવાળા પોતાના ઘોડાને જોગાણ આપે છે, થોડીવાર અંતરે અંતરે વિસામો આપે છે, વધારે ખુશી થાય ત્યારે ઘોડાની ડોકમાં રંગબેરંગી પારાની ઘુઘરમાળ પેરાવે છે, અને કોઇ તહેવારના પ્રસંગે માથા ઉપર કલગીનો શણગાર પહેરાવે છે, તેના માટે સુંદર વિલાયતી હાંસડી, ઉંચી ઢબનો ગાડી સાથે જુતવાનો સરંજામ, પગમાં ઘુઘરા વિગેરે શોભાપ્રદ અલંકારો ખરીદે છે. પણ આ બધું શામાટે ? ઘોડાને વધારે ઉમંગપૂર્વક ચાલતો અને દોડતો રાખવા માટે જ. ઘોડા માટે સુંદર લગામ, ઝીણી શેડ વાળો લલીત ચાબુક, એ સર્વ ઉપકરણો માત્ર ઘોડાને વધારે તેજીથી ચલાવવા માટેજ તેનો માલીક ખરીદે છે. એ બીચારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણીને ખબર નથી કે આ બધા અસબાબ તેને ચાલતો રાખવા માટે છે. સંસાર આપણી સાથે આ ઘોડાના માલીક જેવો સંબંધ રાખે છે. આપણને દોડતાજ રાખવા, ગતિપરાયણ રાખવા, ક્ષણવાર વિશ્રામ ન લેવા દેવો એ સંસારનો ઇરાદો છે. આપણને વચમાં વચમાં જે રોટલીના ટુકડા, વિશ્રામ માટે મકાન, ક્ષણવાર આનંદ માટે રમકડાં, વિગેરે મળે છે તે એટલાજ માટે કે આપણામાં વધારે દોડવાનું બળ રહે. ઘોડાને જેમ ખબર નથી કે આ ગતિનો, આ નિરંતર ચાલ્યા કરવાનો છેડો કયાં, તેમ આપણે પણ જાણતા કે વિચારતા નથી કે આ પ્રમાણે વિરામ હીન દોડતો છેડો કયાં છે, આ પ્રમાણે કયાં સુધી લક્ષ્યરહિતપણે દોડયા કરવાનું છે.

આપણી આસપાસ ચોતરફ સંસાર પૂર્ણ વેગથી ગતિમાન જોવામાં આવે છે. માત્ર આપણાં હૃદયની અંતરતમ ગુહામાં, જયાં આપણા માલીકનું પરમ ધામ છે ત્યાંજ સંસાર માટે સ્થાન નથી. ત્યાં આપણું છેવટનું વિશ્રામ સ્થાન છે. આપણું સંસાર જીવનનું પરમ લક્ષ્ય તે સ્થાને હોવું ઘટે છે. ત્યાં આપણું સ્થાન નક્કી કરીને પછી સંસારમાં–પરમાત્માના લીલા ક્ષેત્રમાં–વિહરવામાં વાંધો નથી. ત્યાં આપણો યોગ નક્કી કર્યા પછી સંસાર એ પૂર્વનો ભીષણ, ભીતિપ્રદ સંસાર રહેતો નથી. પછી તો તે રંગભૂમિ જેવું જણાય છે. પ્રચંડ પ્રાકૃતિક સામર્થ્યોના યુદ્ધને બદલે ત્યાં કુદરતની મધુર લીલા, જણાય છે. પછી તે આપણને બાધા કરતો નથી પરંતુ સહાય કરે છે. સમ્યકત્વ પ્રાપ્ત થયા પછી સંસાર એ બંધન માટે નહિં પરંતુ મુક્તિ માટે સહાયક બને છે. કેમકે આપણું લક્ષ્ય સ્થાન આપણે નક્કી કરી દીધું હોય છે. આત્મા તેના સ્વામી સાથે–પરમાત્મા સાથે પોતાનો પરિણય સંબંધ નક્કી કર્યા પછી સંસારમાં સહેલ કરવા નીકળે તેમાં બંધન નથી, કેમકે હવે તે સંસારની પાછળ દોડતો નથી. ઉલ્ટું સંસાર તેની પકડમાં આવી ગયો હોય છે. સંસાર તેનું ખરૂં સ્વરૂપ તેના આગળ પ્રકાશી આપે છે, અને જયારે જે વસ્તુ જોઇએ તે પોતાના ભંડારમાંથી કાઢી આત્માની સેવા અર્થે રજુ કરે છે. ભ્રાન્તિમાંથી જાગેલો આત્મા તેમાંથી જોઇએ તેટલું લઇ બાકીનું સંસારને પાછુ આપી દે છે. આવો આત્મા સંસારના લીલા ક્ષેત્રોમાં ફરે છે. પરંતુ તે સંસારના સેવક તરીકે નહી પણ સ્વામી તરીકે ફરે. તેની દ્રષ્ટિ બદલાયેલી હોય છે. પ્રાકૃત દૃષ્ટિને આવો પ્રજ્ઞ મનુષ્ય રૂપે રંગે આકારે બીજાના જેવો જ પ્રતીત થતો છતાં વસ્તુતઃ તે દેવ જેવો છે. તે સંસારનો વિહારી નથી, પરંતુ પ્રભુના પ્રદેશનો નાગરિક છે.

ચોતરફ પ્રતીત થતી અનંત ગતિ, અનંત વ્યાપાર, અનંત ઘાત પ્રતિઘાત, એ સર્વનો શું અર્થ છે એનો વિચાર આપણે ભાગ્યેજ કોઇ વાર કરીએ છીએ. આપણે પણ એ અનંત ગતિમયતામાં આપણી ક્ષુદ્ર ગતિ ભેળવીને લક્ષ્યહિનપણે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂઢભાવે ઘુમ્યાજ કરીએ છીએ. આપણું શરીર, બુદ્ધિ, મન, પ્રકૃતિનાં એ ચક્ર ઉપર ઘુમ્યા કરે છે. પરંતુ એ સર્વમાં આપણો ઉદ્દેશ શું છે તેનું આપણને ભાન નથી. વાસ્તવમાં આપણે આપણા સ્વામીની શોધમાં દોડીએ છીએ. અનંતકાળથી આપણને તેનો વિયોગ છે. તેના વિના આપણાં હૃદયના આભ્યંતર પ્રદેશમાં આરામ કે ચેન નથી. એટલા માટે આપણે અવ્યક્તપણે તેની શોધમાં ફરીએ છીએ. કોઈ પણ પદાર્થ, ભોગ, રસ કે સુખની સામગ્રીમાં સ્થાયી આનંદ રહી શકતો નથી. રસનાં સ્વરૂપોને ક્ષણે ક્ષણે નવીન બનાવવા માટે અવિરામ ઉદ્યોગ કર્યા કરીએ છીએ. તેમ છતાં એ નવા બનેલા રસના સ્વરૂપને ભોગવતા થોડા કાળમાં મનની શક્તિ બહેર મારી જાય છે. તે થોડાજ કાળમાં સ્વાદહીન, ફીકુ, નિરસ અને આખરે નિર્વેદ ઉપજાવનાર થઇ પડે છે. જે સ્થાયી સંબંધ અને સ્થાયી આનંદ આપનારી પરમ વસ્તુની શોધમાં આપણે હતા તે વસ્તુ ત્યાં નથી; તેથી આપણું હૃદય ત્યાંથી ઉઠી જઈ, વળી અન્ય સ્થાને કોઈ નવીન રસ, નવીન ભોગવિલાસની સામગ્રી માટે પ્રયાસ આદરે છે. છતાં આખરે ત્યાં પણ નિરસતા, નિર્વેદ, કંટાળો, અને બેચેની છુપાયેલીજ હોય છે. “ ચેન પડતું નથી, ગમતું નથી, હવે તો થાકયા છીએ ” એ વિકલ વૃતિનો ભૈરવ નિનાદ ચોતરફથી કર્ણ ઉપર અથડાયા કરે છે. લોકો તેમાંથી છુટવા માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ યોજે છે. સાધારણ મનુષ્યો ખાન, પાન, નાચ, નાટક, રંગ, રાગ, વિલાસ, વૈભવ, મદિરા આદિનો આશ્રય લઈ એ નિર્વેદ અને નિરસતામાંથી ભાગી છુટવા માગે છે. બુદ્ધિમાનો બુદ્ધિ અને તર્કની જાળ રચનામાં, અથવા કાવ્ય તરંગના રસોલ્લાસમાં છુપી રહી ત્યાં સ્થાયી સંબંધ જોડવા માગે છે, પરંતુ થોડી કે ઝાઝી ક્ષણ પછી, એ કાળમુખો કદરૂપો નિર્વેદ રૂપી રાક્ષસ પોતાનું બીહામણું મોઢું લઇ હાજરને હાજરજ માલુમ પડે છે. આ નિરસતાથી બચવા માટે ભલે મનુષ્યો પોતાને ભોગવિલાસ, ખ નપાન, અને તિવ્ર મદિરાના દરીયામાં ડુબાડી રાખે, ગગનસ્પર્શી હર્મ્યતળમાં, યૌવનવડે ઉભરાતી યુવતીઓનાં યુથમાં ગુંચવાઇ રહે, સૂર્યનો આતાપ જ્યાં પ્રભાવહીન છે એવી પત્ર પુષ્પના સમુહથી ઘાટી, સ્નિગ્ધ સુગંધમય પુષ્પકુંજોમાં છુપાઈ રહે, તો પણ એ નિર્વેદ–રાક્ષસ કોઇને ક્ષણ પણ જંપવા દેતો નથી. આ નિર્વેદને જીતવા માટે અનેક પ્રાકૃત મનુષ્યો ચોરી, લુચ્ચાઇ, વ્યભિચાર, વ્યસન, આદિ તિરસ્કાર કરવા જેવા દૂષણોનો આશ્રય લે છે, સામાન્ય કોટિના મનુષ્યો સ્વાર્થ, છળકપટ. પ્રવંચના, પ્રતારણા, વિશ્વાસઘાત, આદિ બુદ્ધિની અપેક્ષા રાખનારા દૂષણોનો આશ્રય લે છે. ઉત્ક્રાન્તિના પથમાં આગળ વધેલા પ્રતિભા સંપન્ન પુરૂષો આ નિર્વેદને જીતવા અને તેને રસમયતા અર્પવા માટે અનેક ભવ્ય ગ્રંથ રચના, ભવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાવ્યો, હૃદય દ્રાવક વાણી વિન્યાસ, ઉન્નત તર્ક, અને અનેક ઉર્મિવિલાસની યોજના કરે છે. છતા નિર્વેદને કોઇ જીતી શકતું નથી. તે પ્રાણી પદાર્થ સર્વને નિરંતર ઘુમાવ્યાજ રાખે છે. ગમે તે પણ કંઇક કરવું કરવું ને કરવુંજ એ વિના ચેન પડવા દેતો નથી. ક્ષણભર પણ વિશ્રામ નહીં. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારા અનાદિકાળથી દોડ્યા જ કરે છે. સમુદ્રો ઉછળ્યાજ કરે છે, સરિતાઓના જળ વહ્યાજ કરે છે, વાયુ નિરંતર ગતીશીલજ રહે છે. કોઇ કયાંય પણ સ્થિર નહી. આપણો રથ પણ આ લક્ષ્યહીન અનંત પથ ઉપર ચાલ્યાજ કરે છે.

આ લક્ષ્ય હીન અનંત ગતિનો અંત આપણા હૃદય–ધામમાં બિરાજમાન પરમ પ્રભુનાં ચરણ પ્રવેશમાંજ છે. એક વાર એ સ્થાન, એ રૂપ, એ ભવ્યતાના દર્શન થયા પછી બધી દોડાદોડ આપોઆપ વિરમી જાય છે. જે સ્થાયી સંબંધની શોધમાં હતા, જે પરમ આનંદ અને રસ માટે વિહ્વલ અને ઉદ્દભ્રાન્ત હતા તે આપણને મળી જાય છે. આત્મા ખરા અર્થમાં ત્યાં "શાંતિ" પામે છે. જ્યાંસુધી અવશેષ કર્મો હોય ત્યાં સુધી તે સંસારમાં ભલે જાય આવે, પરંતુ હવે તે સંસાર અરણ્ય નથી, પરંતુ બગીચો છે. એ સંસાર તેના સ્વામીની માલીકીનો છે. ત્યાં તેને શ્રમ, કલાંતિ, બોજો અને પીડા નથી, પરંતુ તે આનંદ, અમૃત, અને લીલામય છે.

આખરે પ્રાણીમાત્રને આ પ્રદેશમાં આવ્યા વિના છુટકો નથી. કેમકે ત્યાં આપણું છેવટનું નિત્ય ધામ છે, સમસ્ત વિશ્વનું ત્યાં મધ્યબિંદુ છે, અનેક સુખ, દુખ, સંપત્તિ, વિપત્તિ, હર્ષ, કલેશ, છાયા, તડકા અનુભવીને પણ આખરે એ મહાનુભવમાંજ વિરામવાનું છે. જ્ઞાની અને અજ્ઞાની, સમકિતી અને મિથ્યાત્વી, ઉભય સંસારમાં પાસે પાસે રહીને કામ કરતા ભાસે છે. અને ઉભય એકજ ભૂમિકા ઉપર વિહાર કરતા પ્રતીત થાય છે, પરંતુ સમકિતી અને જ્ઞાની આત્માઓએ પોતાનું પરમ લક્ષ્ય, ઉદ્દેશ અને આદર્શ નક્કી કરેલ હોય છે. તેમનું આખરનું ઘર કયાં છે, તે તેઓ જાણે છે, અને સંસારની પ્રવૃત્તિના અંતે પોતાના હૃદયગૃહમાં આરામ લે છે. તેથી ઉલટું અજ્ઞાની અને મિથ્યાત્વીને પોતાના ભ્રમણનું લક્ષ્ય શું છે તેનું ભાન નથી. તે માત્ર રખડવાનું અને દોડવાનુંજ સમજે છે, તે ઘરબાર વિનાનો ભીખારી છે, તેને પોતાનું વાસ્તવ આરામ સ્થાન હાથ લાગ્યું નથી.

પ્રિય વાચક ? આ બેમાંથી આપ કયા પક્ષને શોભાવો છો ?

રા. અધ્યાયી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમદ્ આનંદઘનજીના એક પદનો અનુવાદ.

### હરિગીત.

દેહરૂપી નગરમાં એ જીવ નટનો વાસ છે,
પર્યાયથી ઉત્પાદ ને વ્યય સમય માંહે નાશ છે;
સત્તારૂપે નિશ્ચય ધ્રુવે અદ્ભુતરૂપ વિચારતાં,
અવધૂત ! બાજી ન પૌરનટની કાજી-બ્રાહ્મણ જાણતા. ૧
દ્રવ્યરૂપે એક બનનો બહુ સ્વરૂપી પણ થતો,
કુંડલાદિ સુવર્ણવત પર્યાય રૂપે થઇ જતો;
માટી-ઘટ-રવિકર-તરંગો-ક્ષણ રૂપાંતર પામતાં,
અવધૂત ! બાજી ન પૌરનટની કાજી-બ્રાહ્મણ જાણતા. ૨
સદ્ભાવ અસ્તિ-ભાવ પરની નાસ્તિ વચનાતીત છે,
સપ્તભંગી નય પ્રમાણોથી કથંચિત્ વ્યક્ત છે;
નિષ્પક્ષપાતી વિરલ જાણે-અન્ય નહિં એ લક્ષના,
અવધૂત ! બાજી ન પૌરનટની કાજી-બ્રાહ્મણ જાણતા. ૩
સ્યાદ્વાદ ભાવે સર્વ અંગો ભિન્ન નયથી માનતા,
આત્મસત્તા ન્યારી જાણી ભેદજ્ઞાને વર્તતા;
આનંદઘન પરમાર્થ-વચનામૃતને એ ચાખતા,
અવધૂત ! બાજી ન પૌરનટની કાજી-બ્રાહ્મણ જાણતા. ૪

ફતેહચંદ ઝવેરભાઇ.

# પવિત્ર ભાવના આત્મધર્મનો યાને મનુષ્ય જીવનનો ઉદય શી રીતે કરે છે?

ભાવનાનું રહસ્ય આર્હતધર્મના તત્વજ્ઞાનમાં સૂક્ષ્મભાવે રહેલું છે. અનુભવી વિદ્વાનો તેને અલૌકિક તત્વ કહે છે. યોગશાસ્ત્રમાં તેને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. ભાવનાનો મુખ્ય અર્થ માનસિક વ્યાપાર થાય છે. જોકે માનસિક વ્યાપાર સારી અને નઠારી રીતે થાય છે. પરંતુ જે ઉત્તમ પ્રકારનો માનસિક વ્યાપાર તે ભાવનાનો ખરો અર્થ છે. ઉત્તમ ભાવના કલ્યાણમાર્ગની સાધક અને આત્મબળની વર્દ્ધક છે. કેટલાએક વિદ્વાનો કહે છે કે—

* " अवधू नटनागरकी बाजी. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" सद्गुणानां सुकृत्यानां जननी भावना मता । "

" ભાવના એ સદ્ગુણો અને સત્કૃત્યોની માતા છે. "

ભાવનાનું આ લક્ષણ સત્ય છે. આવા લક્ષણ ઉપરથી તત્વજ્ઞો લખે છે કે, " भावनाविहगी श्रद्धाविश्वासपक्षाभ्यामुड्डीयमाना दूरे मानसपादपमारोहति तत्र निःशंका शांतेः परमरसदं मधुरं फलमनुभवति "

" ભાવનારૂપી પક્ષિણી શ્રદ્ધા અને વિશ્વાસરૂપી પાંખોથી ઉડી માનસ-હૃદયરૂપ વૃક્ષ ઉપર બેસે છે અને ત્યાં નિઃશંક-નિર્ભય રહી શાંતિના પરમ રસને આપનાર મધુર ફળ અનુભવે છે. "

આ કથનથી મહાનુભાવ તત્વજ્ઞોએ ભાવનાનું યથાર્થ સ્વરૂપ દર્શાવી આપ્યું છે. આવી પ્રભાવિક ભાવનાનો પ્રભાવ જૈન શાસ્ત્રોમાં ઘણે સ્થળે બતાવેલો છે. જેનું હૃદય ભાવનાથી અંકિત હોય, તે સદાચાર અને સદ્વૃત્તિથી દૂર થતો નથી, તે સ્વકર્ત્તવ્યથી વિમુખ રહેતો નથી. જ્યાં ભાવનાનો પ્રકાશ પડ્યો નથી ત્યાં અનેક દુર્ગુણો આવી વસે છે. આ જગત્‌માં જે કૃપણ, શઠ, ધૂર્ત્ત અને આસક્ત પુરૂષો દેખાય છે તેઓના હૃદયને ઉચ્ચ ભાવનાનો સ્પર્શ થયો નથી એમ સમજવું. જ્યાં ભાવનાનો ઉદય છે ત્યાં હૃદયનો કલ્યાણમય પ્રકાશ પડ્યા વિના રહેતો નથી.

ભાવનાના ગુપ્ત પ્રદેશમાં મુખ્ય પાંચ ગુણો રહેલા છે. વિશ્વાસ, શ્રદ્ધા, પ્રેમ, દયા અને દીનતા. તે વિષે ભાવનાતત્વને જાણનારા વિદ્વાનો લખે છે કે—

" नित्यं पंचगुणी भाव्या भावना भावितात्मभिः ।
सैव कल्पलतेवात्र सर्वोन्नतिविधायिनी " ॥ १ ॥

" વિશ્વાસ, શ્રદ્ધા, પ્રેમ, દયા અને દીનતા એ પાંચ ગુણવાળી ભાવના ભાવિત હૃદયવાળા પુરૂષોએ હંમેશા ભાવવી. તેજ ભાવના આ જન્મને વિષે કલ્પલતાની જેમ સર્વ પ્રકારની ઉન્નતિને આપનારી થાય છે. " ૧

ભાવનાનો પ્રથમ ગુણ વિશ્વાસ ઉત્તમ પ્રકારની પ્રતીતિને દર્શાવનારો છે વિશ્વાસ એ સદ્ગુણનો પૂર્ણ અંશ છે. વિશ્વાસથી જ હૃદયનુ દર્શન થઇ શકે છે. પરમાત્મા તરફની ભક્તિનો પ્રભાવ પણ વિશ્વાસથી જ દેખાય છે. સત્ય અને શુદ્ધ માર્ગમાં વિચરવાની ઇચ્છા, અસત્ય અને અશુદ્ધ માર્ગે વિચરવાની લજ્જા વિશ્વાસ ગુણથી પ્રગટ થાય છે. પૂર્વકાલના ચમત્કાર ભરેલા ભક્તિ અને પ્રેમના ચરિત્રો જે જે સાંભળવામાં આવે છે, તેનાં કારણ રૂપે વિશ્વાસની જ પ્રતિષ્ટા જોવામાં આવે છે. જ્યાં હૃદયને ઐશ્વર્ય દેખાય છે, જ્યાં હૃદયમાં શાંતિ, એકતા, સ્થિરતા અનુભવાય છે ત્યાં વિશ્વાસના વાસનો જ મહિમા છે એમ સમજવાનું છે. વિશ્વાસની ઉપર આ જગત્ ટકી રહ્યું છે. વિશ્વાસ ન હોત તો જગત્‌માં ધર્મ અને વ્યવહાર-બંને માર્ગ કુંઠિત થઇ જાત અને સર્વત્ર અવ્યવસ્થા પ્રસરી રહેત. તથી જગતમા વિશ્વાસની જરૂર છે અને તે વિશ્વાસની જનની ભાવના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાનો બીજો ગુણ શ્રદ્ધા છે. જે સમ્યકત્વ ગુણ પણ કહેવાય છે. આસ્તિકય બુદ્ધિ રાખવી એ શ્રદ્ધાનું સ્વરૂપ છે. માનસિક વૃત્તિની ચંચળતા શ્રદ્ધાથી નાશ પામે છે. ભક્તિ, આરાધના, પૂજા, પ્રેમ, રાગ—એ સર્વનો આશ્રય શ્રદ્ધા ઉપર છે. બુદ્ધિ અને હૃદય એ ઉભયનું વિશ્રામ સ્થળ શ્રદ્ધા છે. મગજમાંથી ઉપજતી પ્રવૃત્તિ તે બુદ્ધિ છે અને રક્તાશયમાંથી ઉપજતી પ્રવૃત્તિ તે હૃદય છે. બન્નેના જુદા જુદા ધર્મ છે, પણ તેમનો એકીભાવ શ્રદ્ધા ઉપર થાય છે. શ્રદ્ધા વગર માનવ જીવન ઉપયોગી નથી. ધર્મ, ભાવ, સદાચાર અને સત્કર્મના અંકુર શ્રદ્ધાનાં બીજની સાથે જોડાએલા છે. એક મહાત્મા લખે છે કે.—

" विना श्रद्धां प्रयासो यस्तत्कार्पण्यमुदाहृतम् । "

" શ્રદ્ધા વિના પ્રયાસ કરવો તે કૃપણતા કહેવાય છે. "

બીજે સ્થળે પણ કહેલું છે કે, શ્રદ્ધા વિના વ્યર્થ પ્રયાસ કરવામાં તો વાણી વિલાસ, કૃપણતા સ્વાર્થ અને મિથ્યાત્વ એ વિના બીજું કાંઇ સિદ્ધ થતું નથી. જ્યાં શ્રદ્ધા ત્યાં સ્થિરતા છે. અને સ્થિરતામાં આત્મબળનો વ્યય યથાર્થ રીતે કે યોગ્ય માર્ગે થાય છે. જ્યાં અશ્રદ્ધા ત્યાં અસ્થિરતા અને તે અસ્થિરતાથી કલેશ, દુ:ખ અને સ્વાર્થ વિના બીજું મળવાનું નથી. એ શ્રદ્ધા ગુણ ભાવનાના ભવ્ય સ્વરૂપમાં રહેલો છે. તેથી વિદ્વાનો શ્રદ્ધાને સર્વદા આદર આપે છે.

ભાવનાનો ત્રીજો ગુણ પ્રેમ છે. ભાવનાની મૂર્ત્તિ શુદ્ધ પ્રેમમય છે. કેટલાએક ધર્મો અને વિદ્વાનો બ્રહ્મ, પરમાત્મા, ચૈતન્ય ને પણ પ્રેમ શબ્દથી પ્રયોજે છે. આત્મિકભાવના ગુપ્ત પ્રદેશમાં પ્રેમની પૂજા થાય છે. એ પ્રેમ સંસારના ક્ષણિક પદાર્થોનો નહીં, પણ આત્મિકભાવના સૂક્ષ્મ માર્ગનો પરમાત્મપણું પ્રાપ્ત કરાવનારો છે. એ પ્રેમના પવિત્ર માર્ગે વિચરનારા વિવેકી જનો ભાવનાના પરમ ભક્ત બને છે. પ્રેમના બાહ્ય અને આંતર એવા બે સ્વરૂપ છે. સાંસારિક પ્રેમ બાહ્ય છે અને ભાવના મય આત્મિક દિવ્ય પ્રેમ આંતર છે. પ્રેમનું આંતર સ્વરૂપ બહુ સૂક્ષ્મતાથી વિલોકતાં તેનો સાર 'ભાવના' એટલો જ નીકળશે. પ્રેમનું દિવ્ય આકર્ષણ કયા હેતુથી થાય છે તે પણ કહી શકાતું નથી. તેથી ભવભૂતિ લખે છે કે,—" व्यतिषजति पदार्थान्नांतरःकोऽपि हेतुः" અંતરનો કોઇ હેતુ પદાર્થોને જોડી આપે છે." એ કવિનો આશય પ્રાકૃત પ્રેમને ઉદ્દેશીને છે, તેની અંદર પણ દિવ્ય ગુણનું દર્શન થાય છે. પ્રેમમય ભાવના પણ એવીજ કોઇ અદ્દભુત વસ્તુ છે. તે અવર્ણનીય છે. હૃદયની ન સમજી શકાય તેવી ગતિનો તે મહિમા છે. જ્યાં પવિત્ર પ્રેમનો સંબંધ જોડાય છે ત્યાં અદ્દભુત ભાવનાનો ઉદય થઇ આવે છે. ભાવનામય પ્રેમના ઉદયથી દૃષ્ટિ જ બદલાઇ જાય છે, બુદ્ધિને પણ કોઇ નવી જાતના ચશ્મા ચઢે છે અને મનની સૂક્ષ્મ વૃત્તિઓમાં કોઇ વિલક્ષણ જાગ્રતિ થઇ આવે છે. હૃદયના અતુલ રસ અને અતુલ શ્રદ્ધાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળે જે નિશ્ચય થાય છે, તે બુદ્ધિ માત્રમાં ન રહેતાં પ્રત્યક્ષ અનુભવમાં પણ આવી જાય છે. આથી ભાવનાનું તાત્વિક સ્વરૂપ પ્રેમમાં પૂર્ણ રીતે પ્રતિબિંબિત થઇ, અખંડ આનંદનો અનુભવ કરાવે છે. મન, વાણી અને કર્મની ત્રિપુટીનો વિકાસ પ્રેમભાવનામાં પૂર્ણ રીતે થાય છે. "સાત્વિક જીવનનું પૂર્ણ સ્વરૂપ પ્રેમભાવનામાં જ છે," એમ ભાવનાતત્વને જાણનારા મહાત્માઓએ ધ્યાનવિદ્યામાં દર્શાવેલું છે. આર્હત તત્વવિદ્યામાં યથાપ્રવૃત્તિ કરણ, અપૂર્વ કરણ અને અનિવૃત્તિ કરણ—એ ત્રિપુટી જેમ સમ્યકત્વને ઉત્પન્ન કરવાની રીતિમાં ઉપયોગવતી થાય છે, તેમ પ્રેમભાવના પ્રગટ કરવામાં મનઃશુદ્ધિ, આચારશુદ્ધિ, અને વર્ત્તનશુદ્ધિ ઉપયોગવતી થાય છે. એ પ્રેમભાવના અનુભવના વિશાળ દ્વારને ખુલ્લું કરે છે અને અંતરની સૂક્ષ્મ વૃત્તિઓને સાધ્ય વસ્તુ સાથે યોજિત કરે છે. તેથીજ પ્રેમભાવનાના ઉપાસકો લખે છે કે, "પ્રેમાનુભવસાધનમ્" પ્રેમ એજ અનુભવનું સાધન છે. તે અનુભવમાં શ્રદ્ધાની મુખ્ય જરૂર છે; કારણકે શ્રદ્ધારહિત અનુભવ કશું ફળ આપી શકતો નથી.

આવા પ્રેમગુણવાળી ભાવના ભાવકના હૃદયમાં કોઈ અનુપમ આનંદ ઉપજાવે છે અને તેની આગળ આ વિશ્વની આનંદમય રચના ખડી થાય છે અને તેથી સાધક ઉચ્ચ કોટીમાં આવી અંતે પરમાનંદનો પૂર્ણ અધિકારી બને છે.

ભાવનાનો ચોથો ગુણ દયા છે. જૈન ધર્મની મહત્તા દયાગુણ ઉપરજ રહેલી છે; કારણકે તેવું ઉચ્ચ સ્વરૂપ બીજે જોવામાં આવતું નથી. દયામય ભાવનાથી આર્દ્ર થયેલું હૃદય જે પરમાર્થ સાધે છે તે પરમાર્થ બીજાથી સાધ્ય થતો નથી. દયાનાં તત્ત્વો અંતરની લાગણીઓને હલાવે છે અને તેની અસર વિદ્યુત્‌ની જેમ પ્રસરી જાય છે. દયાતત્ત્વના ઉચ્ચ અંકુરો જેનાં હૃદયનો સ્પર્શ કરે છે તેજ હૃદય બીજી ઉચ્ચ ભાવનાઓનાં સ્થાનરૂપ થાય છે. અશુભ કર્મના બંધને તોડનારા બધા આંતર સાધનોમાં દયાનું સાધન સર્વોત્તમ છે. અનુભવી વિદ્વાનો કહે છે કે, "જ્ઞાન અને વિચારથી કામ—તૃષ્ણાનો વિચ્છેદ થતાં પાપનો સંભવ ન રહે એમ છે, તથાપિ જો હૃદય દયામય ભાવનાથી યુક્ત હોય તો તેને પણ તેમ બનવા સંભવ છે. જ્ઞાન હોય પણ દયા ન હોય તો તે જ્ઞાન માત્ર ભારરૂપ છે.

દયા એ સર્વ ભાવનાના સારરૂપ છે. હૃદયની પવિત્ર વૃત્તિને દયા ભાવનામાં એકાગ્ર કરીને સ્થાપવાનો અભ્યાસ રાખવો જોઈએ. જોકે દયાનું તત્વ અભ્યાસની અપેક્ષા રાખતું નથી, તે સ્વભાવસિદ્ધ હોય છે, છતાં પણ દયાના અંકુરોને પુષ્ટ કરવાનો પ્રયત્ન સદા કરવો જોઇએ. મનની, વાણીની કે શરીરની પ્રવૃત્તિ અમુક પ્રકારના વેગ વિના સંભવતી નથી, પરંતુ એ વેગ દયાની ભાવનામાં પ્રવર્ત્તાવવા પ્રયત્ન કરવો આવશ્યક છે. જ્યારે એવા અભ્યાસ અને પ્રયત્નથી હૃદયની સર્વ વૃત્તિઓ દયામય બની જાય છે ત્યારે મનુષ્ય પૂર્ણ રીતે દયાની પ્રતિમારૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. એથી તેનું સર્વ જીવન દયામાં જ રમણ કર્યા કરે છે. આવી દયામય ભાવના ભાવવાને માટે મનુષ્યે સર્વદા યત્ન કરવો જોઈએ. મહાવીર પ્રભુએ ગર્ભ-માં "સવી જીવ કરૂં શાસન રસી" એ ભાવનાથી જ દયામય અંતઃકરણ બતાવી આપ્યું હતું.

ભાવનાનો પાંચમો ગુણ દીનતા છે. આ દીનતા ક્ષુદ્ર નથી, પણ ભાવનાથી ભરિત છે. અહીં દીનતાનો અર્થ ક્ષુદ્રવૃત્તિ કે લઘુવૃત્તિ સમજવાનો નથી, પણ તેનો અર્થ અહંભાવનો ત્યાગ કરવારૂપ છે, અથવા ઇષ્ટદેવ કે ગુરૂ તરફ પોતાની લઘુતા દર્શાવવારૂપ છે. મનુષ્ય અહંકાર કે અજ્ઞાનના ગાઢ અંધકારમાં મગ્ન થઇ જાય છે, હૃદય ઉપર પડેલો અહંકારનો પડદો તેની ઉચ્ચ ભાવના અને વિપુલતાનો નાશ કરે છે. હૃદયની વૃત્તિ જો અહંભાવથી સ્પૃષ્ટ થયેલી હોય તો તેમાં બહુ કલહ અને કઠોરતાદિ દોષો ઉત્પન્ન થાય છે. તેથી અહંકાર કે અહંભાવનો સર્વથા ત્યાગ કરવો આવશ્યક છે અને તે ત્યાગ દીનતામય ભાવનાથી થઇ શકે છે. જ્યારે હૃદયના સૂક્ષ્મ પ્રદેશમાંથી અહંભાવનો ત્યાગ થઇ જાય છે ત્યારે શાંત ગુણને દર્શાવનારી દીનતામય ભાવના પ્રગટ થયા વિના રહેતી નથી. એ દીનતામય ભાવનાથી ભાવિત થયેલું હૃદય ઇષ્ટોપાસનાનું પૂર્ણ અધિકારી બને છે; તેથી દીનતાગુણ સેવવાની પૂરેપૂરી આવશ્યકતા છે.

આ પ્રમાણે પંચગુણી ભાવનાનો ઉપયોગ આર્હતધર્મના ઉપાસકે સદા કર્ત્તવ્ય છે. હૃદયની વૃત્તિઓને કલ્યાણમાર્ગે લઇ જનારી ભાવના જ છે. તે ઉચ્ચ પ્રકારની ભાવનામાંથી શુભ સંકલ્પોનો જ ઉદય થાય છે. તેવી ભાવના અનંત, અપાર, અતુલ અને એકરસ આનંદરૂપ મોક્ષમાં લઇ જનારી છે; પરંતુ તે ભાવના સૂક્ષ્મભાવવાળી હોવી જોઇએ. તેમાં સ્થૂળભાવનો સ્પર્શ પણ ન હોવો જોઇએ; કારણકે સ્થૂલ ભાવનામાં શુભ સંકલ્પો ઉઠી જાય છે અને તે નવી શંકા ઉપજાવે છે. જો એવી સ્થૂલ ભાવનાનો હૃદયને વિશેષ પરિચય થાય તો તે હૃદય નવી નવી આશાઓમાં બંધાવા શીખે છે અને તેથી પારણામે અનંત સંસાર વધી પડે છે. જે હૃદય સૂક્ષ્મ ભાવનાનું અભ્યાસી હોય છે તે હૃદયને તો એ સ્થૂલ ભાવના નીરસ લાગે છે.

જ્યાંસુધી હૃદય સૂક્ષ્મ ભાવના ભાવવાને આતુર હોય છે ત્યાં સુધી તેને સ્થૂલ ભાવનાથી સદા દૂર રાખવું. તે છતાં જ્ઞાનના બલ વિના અથવા કોઈ મહાત્માના ઉપદેશના યોગ વિના હૃદયને સૂક્ષ્મ ભાવનાનો લાભ ન મળ્યો હોય તો પણ તે સ્થૂલ ભાવનાનો ઉચ્ચ માર્ગજ ગ્રહણ કરવો, અધમ માર્ગ ગ્રહણ કરવો નહીં. પ્રવૃત્તિ માર્ગને પસંદ કરનારૂં હૃદય હોય તો તેમાં ઉચ્ચ પ્રકારની સ્થૂલ ભાવનાઓજ આરોપવી. તે સ્થૂલ ભાવનામાં પ્રવૃત્તિમાર્ગના તત્વો ને ભાવિત કરવા. તે તત્વો સત્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમ, ઉપકાર, વિગેરે ગુણુ રૂપ તત્વો છે. તે ઉદાર ગુણોની ભાવના પ્રવૃત્તિ માર્ગમાં જન કલ્યાણુની સાધક હોવાથી તેટલે અંશે ઉચ્ચ ગણાય છે. એ ગુણોથી પ્રવૃત્તિ-પક્ષે મનુષ્યનું મનુષ્યત્વ છે, તેમજ તે ઉપકાર ધર્મનું વર્દ્ધક છે. એ ભાવનાથી પણુ ઘણાં સત્ય વક્તાઓ, શુદ્ધ પ્રેમીઓ, ઉપકારીઓ, અને પરાક્રમવંતો આ વિશ્વમાં પોતાનાં નામ અમરત્વના પુન્યાસને મુકી ગયા છે. હજુ પણુ જેઓમાં એ લોકોપયોગી ભવ્ય ભાવના દેખાય છે તેવાઓના પ્રજ્વલિત હૃદયો કેવા દીપે છે ને દીપાવે છે એ જૈનોના ભૂત અને વર્ત્તમાન ઇતિહાસના અવલોકનકારથી અજાણ્યું નથી.

સ્થૂલ અને સૂક્ષ્મ–ઉભય ભાવના ઉપયોગી છે, પરંતુ સૂક્ષ્મ ભાવનાનું માહાત્મ્ય તો કોઇ અલૌકિક જ છે. તીર્થંકરો, ગણુધરો, સૂરિવરો, ઉપાધ્યાયો અને સાધુઓ સ્થૂલ ભાવનાની શૃંખલા તોડી સૂક્ષ્મ ભાવનામાં રમણુ કરી અમિતાનંદ મેળવી અને વિશ્વપ્રેમમાં મત્ત થઇ પ્રવર્ત્યા છે. તેમના એ સ્વાર્પણુમય ચરિત પણુ એ અતુલ ઉચ્ચ ભાવનાનું ફલ છે. એ પવિત્ર ભાવનાઓ પુનઃ પ્રગટ થાઓ અને તેથી શુદ્ધ ધર્મનો, શુદ્ધ પ્રેમનો અને શ્રાવક પણાનો સદા ઉદય થાઓ. એજ શાસનપતિ દેવતા પ્રત્યે અભ્યર્થના.

# વર્તમાન સમાચાર.

## શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરનો વાર્ષિક મહોત્સવ. શ્રીમાન વિજયાનંદસૂરી આત્મારામજી મહારાજની જયંતી.

ચાલતા માસ જેઠ શુદી ૭ ના રોજ ભાવનગરમાં આ સભાની વર્ષગાંઠ નીમીત્તે અને જેઠ શુદી ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ ) ની સ્વર્ગવાસ તિથિ નિમિતે નીચે મુજબ મહોત્સવો કરવામાં આવ્યા હતા.

૧ શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયા ચોવીસ વર્ષ પુરા થઇ પચીસમું વર્ષ શરૂ થવાથી આ માસની શુદી ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણુ પત્રીકાઓ છપાવી બહાર ગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

જેઠ શુદી ૭ ના રોજ દરવર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ સભાના મકાનને ધ્વજાપતાકા તોરણુથી શણુગારી તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂરાજશ્રીની છબી પધરાવી મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત શ્રી રૂષીમંડલની પુજા ભણુાવવામાં આવી હતી; જે વખતે મેમ્બરો ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણું સારી સંખ્યામાં હાજરી આપી હતી. ત્યાર બાદ જેઠ શુદી ૭ ના રોજ સાંજની ટ્રેનમાં આ સભાના સભાસદો શ્રી સિદ્ધાચલજી ગયા હતા.

૨ જેઠ શુદી ૮ ના રોજ સવારના શ્રીસિદ્ધાચળજીના ડુંગર ઉપર મોટી ટુંકમાં જયાં સ્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્ગવાસી ઉક્ત મહાત્માની મૂર્તિ સ્થાપન કરવામાં આવેલી છે ત્યાં ગિરિરાજ ઉપર શ્રી આદિશ્વર ભગવાન, શ્રી પુંડરિકજી મહારાજ, શ્રી શાંતિનાથજી મહારાજ, પાદુકા અને શ્રી આત્મારામજી મહારાજની મૂર્તિને સુંદર આંગી રચવામાં આવી હતી. અને યાત્રા પૂજા ભાવના વગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યા હતા. તેમજ શ્રી નવાણું પ્રકારી પૂજા ( મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત ) ભણાવવામાં આવી હતી અને સ્વામીવાત્સલ્ય પણ કરવામાં આવ્યું હતું એ રીતે ગુરૂરાજની જયંતી ઉજવવામાં આવી હતી. આ જેઠ શુદી ૮ ની જયંતીના ખર્ચની રકમ આ સભાના શ્રી ભાવનગર નીવાસી માનવંતા લાઇફ મેમ્બર શેઠ મોતીચંદભાઇ હુંસરાજ ઝવેરી એ ઉદારતાથી આપેલ હતો અને શ્રી સિદ્ધાચળજી ઉપર કરવામાં આવતી આ જયંતી હવેથી કાયમને માટે શેઠ મોતીચંદભાઇ હંસરાજની આર્થિક સહાય વડેજ કરવામાં આવશે. આ વખતે શ્રી સિદ્ધાચળજી ઉપર ઉજવાયેલી આ જયંતીના ગુરૂભક્તિના કાર્યમાં ત્યાં બીરાજમાન પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજ વગેરે મુનિ મહારાજાઓએ પણ ભાગ લઇ ગુરૂભક્તિ કરી હતી.

## પૂજ્ય કૃપાળુ શ્રી આત્મારામજી મહારાજની મારવાડ પાલી નગરમાં જયંતી.

મરહુમ જૈનાચાર્ય શ્રી ૧૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજની પચીસમી જયંતી અત્રે યોગ્ય સમારોહથી ઉજવવામાં આવેલી છે. શ્રી આચાર્ય મહારાજશ્રી સિદ્ધિવિજયજી સૂરિના સમુદાયમાંથી મુનિશ્રી અશોકવિજયજી રમણિક વિજયજી અત્રે બિરાજે છે. પુણ્યોદયે મુ. વ. વિ. નું સપરિવાર પધારવું થયું. જો કે મહારાજની આગળ વિહાર કરી જવાની તીવ્ર ઇચ્છા હતી પણ વર્ષાદિ કારણને લઇ અત્રે સ્થિતિ કરવી પડી, જેથી જયંતીનો લાભ આ ક્ષેત્રના શ્રી સંઘને અણધાર્યો મળ્યો છે. જેઠ સુદિ આઠમ મંગળવારને દિવસે ગુજરાતી કટડામાં ચોરાશી ગચ્છની ધર્મશાળામાં આ ઉત્સવ થયો હતો.

જૈન ઉપરાંત જૈનેતર તેમજ અધિકારી વર્ગે પણ પધારી શોભામાં વધારો કર્યો હતો. શરૂઆતમાં એક ઉચ્ચ આસન ઉપર બિરાજમાન કરેલ મરહુમ આચાર્ય મહારાજની પ્રતિમા ( તસવીર)ની વાસક્ષેપથી શ્રદ્ધાલુ ગુરૂ ભક્તોએ પૂજા કરી હતી. બાદમાં સુશીલ બાળિકાઓએ ગુરૂ ગુણરૂપ ગુહલી ગાયન કરી હતી. ત્યારબાદ પંડિત શ્રીમાન પરમાનંદજી સાહેબે સભાના ઉદ્દેશ જાહેર કરતાં આચાર્ય મહારાજના ગ્રંથો આદિથી જૈન તેમજ જૈનેતર વર્ગ ઉપર થયેલ ઉપકારનું દિગ્દર્શન એવા મધુર ઓજસ્વની વાણીમાં કર્યું હતું કે જેની સચોટ અસર શ્રોતાઓની મુખાકૃતિ ઉપરથી પ્રત્યક્ષ માલમ પડી આવી હતી. બાદમાં મુ. વ. વિ. પોતાના અનુભવ પૂર્વક શ્રી આચાર્ય મહારાજનું જન્મ વૃત્તાંત અનુકરણીય વાતોની સાથે સાથેજ ખુલાસો બતાવતા એવી છટાથી વર્ણન કર્યું કે જેનો આસ્વાદ શ્રોતાઓજ જાણે છે. વચન કે કલમથી કહેવું દુર્ઘટ છે. તે પછી પુષ્કરણી બ્રાહ્મણ વ્યાસજી મીઠાલાલજીએ સંપવિષય થોડું પણ સારભૂત શબ્દોમાં વર્ણન કર્યું હતું. બાદમાં શ્રી મહાવીરસ્વામીની તથા શ્રી આચાર્ય મહારાજની જય બોલાવી સભા વિસર્જન થઇ હતી. બપોર પછી શ્રી નવલખા પાર્શ્વનાથજીના દેરાસરે મરહુમ આચાર્ય મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજની બનાવેલી સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવી હતી. આ રીતે તે દિવસ મંગળમય આનંદપૂર્વક વ્યતીત કરવામાં આવ્યો હતો.

## શ્રી ખંભાત શ્રી મહાવીર જૈન સભા તરફથી ઉજવાયલી જયંતી.

તા. ૨૫–૫–૨૦ ના રોજ સવારના આઠ વાગે શ્રીમદ ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદ સુરીશ્વરજી મહારાજની જયંતિ ઊજવવાનો મહોત્સવ ખંભાત જૈન શાળાના ભવ્ય હોલમાં વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ લબ્ધિવિજયજી મહારાજના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવ્યો હતો. તે વખતે સભાના સેક્રેટરી મો. અંબાલાલ જેઠાલાલ શાહે જયંતીના હેતુ વિષે વિવેચન કર્યા બાદ મુની મહારાજ શ્રી મંગળવિજય મહારાજે વૈરાગ્ય ગુણ ઉપર ઘણીજ અસરકારક રીતે લંબાણથી વિવેચન કર્યું હતું. ત્યાર બાદ મુની મહારાજશ્રી ગંભીરવિજયજી મહારાજે પરોપકાર ઉપર વિવેચન કર્યા બાદ અને મુનીમહારાજ શ્રી લક્ષણવિજયજી મહારાજે વિવેચન કર્યા બાદ પ્રમુખ સાહેબે મહારાજનું જીવનચરિત્ર ઘણીજ અસરકારક શૈલીથી લંબાણથી વિવેચન કર્યા બાદ સભા વિસર્જન થઇ હતી. ત્યારબાદ બપોરે પુજા ભણાવવામાં આવી હતી.

## જશાપુરામાં શ્રીમાન વિજયાનંદસુરિની જયંતિ.

સભાના પ્રમુખપદે શ્રીમાન મરહુમ આચાર્યજીના શિષ્યના શિષ્ય મુનિરાજશ્રી ઉત્તમવિજયજી બિરાજયા હતા. પ્રમુખ સાહેબ તથા તપસ્વી અમૃત વિજય તરફથી સુરીમહારાજ સાહેબનું જીવન ચરિત્ર યતકિંચિત્ કહેવામાં આવ્યું હતું. ત્યાર બાદ સુરી મહારાજાને પગલે ચાલવા માટે શ્રીસંઘને કાંતિવિજયજીયે કેટલીક-ભલામણ કરી હતી. સભામાં તમામ મુનિયો હાજર હતા.

### સભામાં પધારેલ મુનિયોના નામ નિચે મુજબ છે.

મુનિરાજ ઉત્તમવિજયજી તે મોતીવિજયજી મહારાજના શિષ્ય.

ઉદયવિજયજી તે ઉતમવિજયજી મહારાજના શિષ્ય.

અમૃતવિજયજી તે ખેમાવિજયજી મહારાજના શિષ્ય.

કાન્તિવિજયજી તે શાંતિવિજય પન્યાસજીના શિષ્ય.

મણીવિજયજી તે વિરવિજયજી ઉપાધ્યાયના શિષ્ય.

આજે એટલે જેઠ શુ૦ ૮ ને દિને જશાપુરામાં એક પાલીતાણાના સદગૃહસ્થ તરફથી શ્રી પારસનાથના પંચકલ્યાણકની પુજા ભણાવવામાં આવી હતી. રાત્રે પરમાત્માશ્રી ધર્મનાથ પ્રભુની આંગી રચીને શ્રી સંઘે ભાવના ભાવી હતી.

## ગામ પાછીયાપુર–ગુજરાતમાં શ્રીમદ વિજયાનંદસૂરિ મહારજની ઉજવાયેલી જયંતી.

આ ગામમાં જેઠ શુદ ૮ ના રોજ ઉક્ત મહાત્માની જયંતી મુનિરાજ શ્રી દોલતવિજયજી મહારાજની હાજરીમાં પૂજા પ્રભાવના વગેરેથી ઉજવવામાં આવી હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ પ્રતીષ્ઠા કરતી વખને દ્રષ્ટી મેળવી પ્રભુ સ્થાપન કરવા તેમાં પ્રભુજીની પ્રતીમાજી મળતા લેવા તે ૧ રાશી ૨ ગણ ૩ વર્ગ ૪ લેણું દેણું વિગેર મળતા લઇને સુભ મુહુર્ત સ્થાપન કરવી અને તે મંદીરમાં દેવગણ લઇને બાંધવું એ સરવે બાબતની માહીતી શા પાનાચંદ ખેતાજી મુ. નડોદ પોસ્ટ સચીન રેલ્વે બી. બી. એ. લખવાથી મફત મળશે.

૨ સાધુ સાધ્વીને લોચ કરવાના નક્ષત્ર અશ્વની, રોહીણી. પુષ્પ, પુનર્વસુ હસ્ત, શ્રવણ, અનુરાધા, ધનીષ્ટા, સતરીકા, ઉત્તરા ફાલ્ગુની, ઉતરાષાઢા, ઉતરાભાદ્રપદ, સ્વાતી, રેવતી, વાર સોમ, ગુરૂ, બુધ, શુક્ર સાથે લઇને કરવાથી સુખશાતા રહેશે.

સંવત ૧૯૭: જેઠ શુ. ૫ મુ. નડોદ—પો. સચીન

## મુનિમહારાજાઓને નમ્ર વિનંતિ.

હાલા આ સભા તરફથી ભેટ આપવામાં આવેલ સસ્કૃત સાત ગ્રથો પૈકી "બંધહેતુદય ત્રિભંગી પ્રકરણું"નું શુદ્ધપત્ર હાલમાં છપાઇને આવેલ છે. તો જે જે મુનિમહારાજા, સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારો કે જેને ઉપરોકત જણાવેલ ગ્રંથ ભેટ મળેલ હોય તેઓશ્રીએ તે (શુદ્ધિપત્ર) દર એક કોપીએ અડધા આનાની ટીકીટ મોકલી મંગાવી લેવા કૃપા કરવી.

## ચૈત્રી જૈન પંચાંગ.

ઉપરોકત પંચાંગ સુશોભીત આર્ટ પેપર ઉપર સુંદર ટાઇપથી બે રંગમાં છપાઇ અમારે ત્યાં આવેલા છે. જોઇએ તેમણે એક નકલે એક આનાની ટીકીટ મોકલી મંગાવી લેવાં.

## નવા દાખલ થયેલા સભાસદો.

૧ શેઠ હકમચંદ વલમજી મોરબી પે. વ લાઇફ મેમ્બર.

# જીવન-સુધારણાના સન્માર્ગ.

પ્રત્યેક કુટુંબમાં અવશ્ય રાખવા અને વાંચવા લાયક અત્યુત્તમ લેખોનો સંગ્રહ.

યોજક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

જીવનમાં નવીન ઉત્સાહ રેડનાર, નવીન ચૈતન્ય જગાડનાર, અપૂર્વ આનંદ અને શાંતિ પ્રેરનાર તેમજ માનસિક શકિતઓનો અજબ વિકાસ કરનાર અને ઉમદા સદ્‌વિચારોથી ભરપૂર આ પુસ્તક પ્રત્યેક સ્ત્રી પુરૂષને સ્વપરહિત સાધવામાં અમૂલ્ય સાહાય્ય આપનાર થઇ પડે તેમ છે. આમાં નિર્દિષ્ટ કરેલા સન્માર્ગો જાણી જીવનયાત્રા સફળ કરવા જરૂર મંગાવો. કિ. રૂા. ૧ાા. મળવાનાં ઠેકાણાં:—

(૧) શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

(૨) જીવનલાલ અમરશી મહેતા
પીરમશાહ રોડ—અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનન્ત્ય સમુદ્રમાં લીનતા.

"આપણા હાથે મનુષ્ય પ્રાણીના ખરા હિતનું થોડું ઘણું પણ કાર્ય બનવું જોઇએ, એવી જો મનઃ પૂર્વક ઇચ્છા હશે, તો તેને તૃપ્ત કરવાની પાત્રતા અહિં સુધી કહેલી કલ્પનાથી અંગમાં આવશે અને પછી તે ઉત્તરોત્તર વધ રે અને વધારેજ બળવતી થતી જશે. વસ્તુસ્થિતિ એવી છે, એમ એકવાર જાણવામાં આવી ગયું એટલે તત્કાળ ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત ન થાય કિંવા સ્હામી કાંઇપણ અનર્થ પ્રાપ્તી થઇ જાય, તો પણ તેથી મન નિરૂત્સાહી અને દુઃખી નહિ થઇ જાય અને અંગમાં કાંઇક ધૈર્ય અને સહિષ્ણુતાનું આગમન થશે. જગતમાં દુઃખજ વધારે પ્રમાણમાં છે, એવો જ જો નિશ્ચય થઇ જાય તો તેથી મનની સમતોલતા જતી રહીને મનુષ્ય ભડકી જાય એવો સંભવ છે; એવી જે તાત્કાલિક ભીતિ ભાસે છે તે નિરાધાર છે. વસ્તુસ્થિતિનું જ્ઞાન થયેલું હોવાથી સ્હામી વિવેકબુદ્ધ જાગૃત રહીને, ભ્રામક અને છાયામય વસ્તુઓની પાછળ પડવાના ભ્રમ થકી તે મનુષ્યને પરાવૃત્ત કરે છે. એટલે કે જગતનું ગાડું આમજ ચાલ્યા કરવાનું, એમ મનુષ્યના જાણવામાં આવી જશે અને તેથી તેનામાં સ્થિરતા અને સહિષ્ણુતાનો આવિર્ભાવ થવાનો સંભવ છે. ઉદાહરણાર્થ ધારો કે સર્વ મનુષ્યો સાત્વિક બની ગયા છે. એટલે ઇતર ઉતરતી પંક્તિના પ્રાણીઓ પણ મનુષ્યની યોગ્યતાને પ્રાપ્ત થશે; અને વનસ્પતિ વર્ગ પણ તિર્યગ્યોનિ–ઉતરતા પ્રકારના પ્રાણીઓ–માં પ્રવેશ કરશે. એવી રીતે સૃષ્ટિમાંના સર્વ પદાર્થોનું એક એક ચઢતી પાયરીથી સ્થિત્યંતર થતું જશે. એમ થવા છતા પણ તેમની અંતિમ સ્થિતિમાં તો કશો પણ ફેર પડવાનો નથી જ. કારણ કે એક વાત આપણે ખાત્રી પૂર્વક જાણીએ છીએ. તે એ કે આ અગાધ બળવાન જીવિત પ્રવાહ, અનન્તતાના સમુદ્રપ્રતિજ વહેતો જાય છે તેમાં અનેક ન્હાના મોટા–ઉચ્ચ નીચ પ્રાણી રૂપ કાગળોના કટકા કિંવા ઘાસનાં તણખલાં વહેતાં જાય છે. પરંતુ આપણે એ દૃઢતાથી જાણીએ છીએ કે, તે હલકા કાગળના કટકા કિંવા તે નિર્જીવ ઘાસના તણખલાના પ્રવાહની સામે જવાના સર્વ પ્રયત્નો નિષ્ફળ થઇને અંતે પ્રવાહના વેગ સાથે તે તો તે આનન્ત્ય સમુદ્ર તરફ જ ખેંચાઇ જવાના. એવીજ સ્થિતિ મનુષ્યની આયુષ્ય દશાની પણ જાણી લેવી. તેમાં તમને સુખ થાય કે દુઃખ થાય અને આનન્દાશ્રુ પડે કે શોકના અશ્રુ ઢળે પરંતુ એટલું તો માત્ર ખરૂં જ કે, તે સર્વનું પર્યવસાન તો આનન્ત્યમાં લીન થવામાંજ આવવાનું. માત્ર તમે, હું કે તે પાષાણવૃક્ષ તે આનન્ત્ય સમુદ્રમાં–તે અમર્યાદ સ્વાતંત્ર્યમાં એટલે કે નિર્વિકલ્પ પરમેશ્વરમાં ક્યારે લય પામીશું એટલો આગળ કે પાછળનો કાળ વિષેનોજ પ્રશ્ન અવશિષ્ટ રહે છે. બાકી કોઇ પણ એક સમયે તો આપણે જઇને તેમાં મળી જવાનું છે એ નિયમતો ત્રિકાલાબાધિત અને સર્વથા નિશ્ચિત જ છે."

વિવેકાનંદ વિચારમાળા.

For Private And Personal Use Only